Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૭–૧–૨૦૧૩**

સિન્ડિકેટની સામાન્ય સભા સોમવાર, તા.૭–૧–૨૦૧૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૭–૧–૨૦૧૩ |
|---|---|---|
| ૧. | ડૉ. દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.વૈદ્ય ધનેશ ગોપાલદાસ | હાજર |
| ૧૦. | શ્રી દેસાઈ સંજયકુમાર ઈશ્વરલાલ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી સિંધા અમિતસિંહ ખુમાનસિંહ | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી પટેલ પરેશ રમેશભાઈ | હાજર |

**સિન્ડિકેટ સભ્યશ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈધએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવા સુચન કરેલ છે.**

શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકે ચોથી વખત પદ ગ્રહણ કરતા આજની આ સભા તેમને સહર્ષ અભિનંદન પાઠવે છે અને તેમના આ કાર્યકાળ દરમ્યાન ગુજરાત રાજય તેમનાં નેતૃત્વ હેઠળ પ્રગતિના સવોચ્ચ શિખરો સર કરી સર્વાંગી વિકાસ કરે એવી આજની આ સભા શુભેચ્છાઓ વ્યકત કરે છે.

૧. સિન્ડિકેટની તા.૧૭–૫–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૭–૫–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.**

**<u>બાબત ક્રમાંક : ૫૯</u>**

એસ. એસ. શ્રોફ રોફેલ કોલેજ ઓફ નર્સિંગ, વાપી ધ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન એમ. એસસી. (નર્સિંગ) અનુસ્નાતક અભ્યાસ શરૂ કરવાની અરજી સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરત્વે સિન્ડીકેટની તા.૩૦–૧૧–૨૦૧૧ના ઠરાવ ક્રમાંક (૨૯) અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ માટે જોડાણ અરજી કરવા જણાવવું તથા નિયમાનુસાર લેઈટ ફી સાથે અરજી સ્વીકારી સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી તેમ ઠરાવેલ હોય જે સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિના સભ્યો ધ્વારા તેમના તા.૩–૨–૨૦૧૨ના પત્રથી રાજયમાં ચાલતા તમામ અનુસ્નાતક અભ્યાસક્રમોનું જોડાણ ગુજરાત બહારની યુનિવર્સિટી સાથે હોય તેવી તમામ સંસ્થાઓએ બહારની યુનિવર્સિટીનું જોડાણ રદ કરી સ્થાનિક યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા આદેશ કરેલ હોય અને સ્થાનિક તપાસ સમિતિએ શરતચૂકથી ૨૦૧૧–૧૨ના સ્થાને ૨૦૧૨–૧૩ની ભલામણ લખાયેલ તે અવલોકનમાં લઈ ભલામણ સુધારીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી નવા જોડાણ આપવા વિનંતી કરેલ છે જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, <u>પ્રસ્તુત બાબતને Withdraw કરવી.</u>**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, <u>એસ. એસ. શ્રોફ રોફેલ કોલેજ ઓફ નર્સિંગ, વાપી ધ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન એમ. એસસી. (નર્સિંગ) અનુસ્નાતક અભ્યાસ શરૂ કરવાની શૈક્ષણિક વર્ષ : ૨૦૧૧–૨૦૧૨થી નવા જોડાણ આપવાની વિનંતી સ્વીકારવી.</u>**

૨. સિન્ડિકેટની તા.૧૧–૧૦–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે,સિન્ડિકેટની તા.૧૧–૧૦–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ યથાવત મંજૂર કરવી.**

૩. સિન્ડિકેટની તા.૫–૧૧–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૫–૧૧–૨૦૧૨ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ યથાવત મંજૂર કરવી.**

૪. ડીનશ્રી ઈજનેરી અને ટેકનીકલ એજયુકેશન વિદ્યાશાખા ધ્વારા એમ. ટેક.માં (૧) **M.Tech. (Industrial Electronics)** (૨) **M. Tech. (Instrumentation & Control)** અભ્યાસક્રમ શરૂ કરી શકાય તેમજ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિક એજયુકેશનના એડવ. નંબર **UB/04/(03)/2010** અવલોકનમાં લેતા યુનિવર્સિટીએ જોડાણ અરજી કરવાની જરૂરીયાત રહેતી નથી. સંપૂર્ણ બાબત અંતિમ નિર્ણય માટે સિન્ડિકેટમાં રજૂ કરવા ભલામણ કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણૂંક કરવી.**

**(૧) શ્રી સંજયભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.અપૂર્વભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) શ્રી પરેશભાઈ પટેલ (સિન્ડીકેટ સભ્યશ્રી)**
**(૪) શ્રી નૈમિષભાઈ ઝવેરી (પૂર્વ ડીન, ઈજનેરી વિદ્યાશાખા)**

૫. સાર્વજનિક એજયુકેશન સોસાયટીના મંત્રીશ્રીના તા.૭–૪–૨૦૧૨ના પત્રાંક : ૨૬/ ૨૦૧૨–૧૩ના પત્ર (પત્ર સામેલ છે.) ને અવલોકનમાં લેવા વિનંતી.

ઉપરોકત પત્રમાં જણાવ્યા અનુસાર સદર સોસાયટી સંચાલિત સાર્વજનિક એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત (ટાઈફેક) દ્વારા ૨૦૧૦–૨૦૧૧થી અત્રેની યુનિવર્સિટી સાથે એમ. એસસી. એન્વાયરોન્મેન્ટલ સાયન્સના અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું જોડાણ ધરાવે છે, તથા હાલમાં ૨૦૧૧–૧૨થી ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા પોસ્ટ ગ્રેજયુએટ કોર્ષ ઈન એનવાયરોનમેન્ટલ એન્જિનિયરીંગ (એમ.ઈ.) અભ્યાસક્રમ માટે પરવાનગી આપવામાં આવેલ છે. તો સદર એન્જિનિયરીંગ કોલેજ (ટાઈફેક)માં ચાલતા એમ. એસસી. એનવાયરોનમેન્ટલ સાયન્સનો અભ્યાસક્રમ સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત રામકૃષ્ણ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સ (SICE) માં ટ્રાન્સફર કરવા વિનંતી કરેલ છે.

વધુમાં, રામકૃષ્ણ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સ, સુરતમાં બી.એસસી. (કોમ્પ્યુટર સાયન્સ), બી.એસસી. (માઈક્રોબાયોલોજી), એમ.એસસી.(કોમ્પ્યુટર એપ્લીકેશન), એમ. એસસી. (માઈક્રોબાયોલોજી), એમ.એસસી. બાયોટેકનોલોજી અભ્યાસક્રમ ચાલે છે, જે જાણ સારું.

ઉપરોકત વિનંતી તથા સંસ્થાના મંત્રીશ્રીના પત્રમાં જણાવેલ કારણોને ધ્યાને સાર્વજનિક એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી (ટાઈફેક), સુરતમાં ચાલતા એમ. એસસી. (એનવારોનમેન્ટલ સાયન્સ)નો અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમ સોસાયટી સંચાલિત રામકૃષ્ણ ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સ (SICE)માં ટ્રાન્સફર કરવા મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે શૈક્ષણિક વર્ષ : ૨૦૧૩–૨૦૧૪ની સ્થાનિક તપાસ સમિતિને તપાસ કરવા જણાવવું અને સ્થાનિક તપાસ સમિતિ આ મુજબ રહેશે.**

**(૧) શ્રી સંજયભાઈ દેસાઈ (૨) ડૉ.અપૂર્વભાઈ દેસાઈ (૩) મેજર ઉન્મેષ પંડયા**

૬. યુનિવર્સિટી સંલગ્ન સાર્વજનિક એજયુકેશન સોસાયટી, સુરત સંચાલિત શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર એજયુકેશન એન્ડ એપ્લાઈડ સાયન્સીસ, સુરતના નિયામકશ્રી પ્રતિભાબેન બી. દેસાઈને પ્રિન્સિપાલ તરીકે Redisignate કરવા સંસ્થાના મંત્રીશ્રીના તા.૩૧–૦૭–૨૦૧૨ના પત્ર ક્રમાંક : ૯૮૨/ ૨૦૧૨ –૧૩ તથા સોસાયટીના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ મુલતવી રાખવી.**

૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે મ્યુઝિયમ બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસનો આર્કિટેકટ દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરાવવો તે મુજબ ભવિષ્યમાં યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ બાંધકામો હાથ ધરવા આગળની કાર્યવાહી કરવી.**

૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આર્ટ ગેલેરી બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસનો આર્કિટેકટ દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરાવવો તે મુજબ ભવિષ્યમાં યુનિવર્સિટી કેમ્પસમાં વિવિધ બાંધકામો હાથ ધરવા આગળની કાર્યવાહી કરવી.**

૯. યુનિવર્સિટી કેમ્પસ ખાતે આરસીસી રોડ બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૦. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સ્ટ્રીટ લાઈટ નાખવાના કામની વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૧. યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવી કેન્ટીન બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી અને કેન્ટીનનુ એકટેન્શન, એડીશન, એકસપન્સન કરવું.**

૧૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ડ્રેનેજ નેટવર્ક નાખવાના કામની વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે વહીવટી મકાનમાં આવેલ સેનેટ હોલને રીપેર અને રીનોવેશન કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે બાંધકામ વિભાગ માટે નવુ ટ્રેકટર ખરીદવા વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે બાંધકામ વિભાગ માટે નવુ ટ્રેકટર ખરીદવા તથા ટ્રેકટર સાથે જરૂરી અન્ય સાધનો પણ ખરીદવા મંજૂરી આપવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોન્ટ્રાકટ બેઈઝ પર લકઝરી બસ ભાડેથી રાખવી તથા દાનથી લકઝરી બસ મળે તેવા પ્રયત્નો કરવા.**

૧૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે નવુ સાયન્સ બિલ્ડીગ બનાવવા વિચારણા કરવા બાબત.....

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કામની મંજૂરી આપવી તથા હ્યુમીનીટીઝ બિલ્ડીંગનું પણ નવું મકાન બનાવવું.**

૧૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે અલગ અલગ જગ્યાએ Sculpture બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,આ પ્રકારેના Sculpture બનાવવાની મંજૂરી આપવી તથા યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ કોઈ દાતા આ પ્રકારેના Sculpture બનાવવા તથા કોઈ દાતા દાન જાહેર કરે તો યુનિવર્સિટી દ્વારા Sculpture બનાવવા તથા મળેલ દાનમાંથી ખર્ચને સરભર કરવા.**

૧૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ ભવનોમાં ચ્હા/ કોફી/ સૂપ માટેના વેન્ડીગ મશીન સપ્લાય કરી ગોઠવવા માટે હિન્દુસ્તાની યુનિલિવર લી.ના સેલ્સ ઓફિસર તરફથી મળેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

પ્રસ્તુત બાબતે એમના પત્રમાં જણાવ્યા અનુસાર યુનિવર્સિટી તરફથી

૧. મશીન મુકવા માટે જગ્યા આપવાની રહેશે.

૨. પાણીનો સપ્લાય તેની વ્યવસ્થા કરવાની રહેશે.

૩. ઈલેકટ્રીકલ સપ્લાય આપવાનો રહેશે.

જયારે હિન્દુસ્તાન યુનિલિવર લી. તરફથી વેન્ડીગ મશીન, મેન પાવર વિગેરે આપવામાં આવશે. જે અંગેના વિવિધ આઈટમોના ભાવ નીચે જણાવ્યા અનુસાર આપવામાં આવેલા છે. તથા પ્રસ્તુત બાબતે જો મશીન મુકવામાં આવે તો તેનું વીજ વપરાશનું બિલ તેમના દ્વારા ભરપાઈ કરવામાં આવશે.

| Sr. No | Particulars | Rate (Per Cup) |
|---|---|---|
| 1. | Lipton Cardamom Tea | 5.00 |
| 2. | Bru hot Coffee | 7.00 |
| 3. | Lipton Lemon Tea | 5.00 |
| 4. | Knorr Soup | 10.00 |
| 5. | Lipton Ginger Tea | 10.00 |
| 6. | Packaged drinking water | on MRP |
| 7. | Branded Biscuits | on MRP |
| 8. | Confectionary Items | on MRP |
| 9. | Wafers & Chips | on MRP |

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચ્હા/ કોફી/ સૂપ માટેના વેન્ડીંગ મશીન સપ્લાય કરી ગોઠવવા માટે હિન્દુસ્તાની યુનિલિવર લી.ના સેલ્સ ઓફિસર તરફથી મળેલ પત્રનો સ્વીકાર કરી એમ. એસસી. આઈ. ટી.વિભાગ, આર્કીટેકચર વિભાગ વચ્ચે એક તથા એમ. બી. એ. વિભાગ માટે એક એમ માત્ર ૨(બે) વિભાગ પૂરતી જ મંજૂરી આપવી.**

૧૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવું વહીવટી મકાન બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવું વહીવટી મકાન બનાવવા માટે મંજૂરી આપવી તથા આ કામ યુ. જી. સી.ના અનુદાન અને અથવા દાતાઓ તરફથી મળેલ કે મળનાર દાનમાંથી બાંધકામ કરવું.**

૧૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે મુખ્ય બગીચામાં દાતાશ્રીના દાનમાંથી ૨.૫ લાખની મર્યાદામાં Sculpture બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મુખ્ય બગીચામાં બે અલગ અલગ બે નંગ Sculpture બનાવવા અને આ કામ વિશિષ્ટ પ્રકારનું હોઈ આવા કામના જાણકાર આર્ટીસ્ટ શ્રી રોહિતભાઈ ઝવેરી તરફથી મળેલ રૂા.૫,૧૪,૦૫૦/– ભાવપત્રક મંજૂર કરવું અને તે મુજબની કામગીરી તેમની પાસે કરાવી લેવી અને તેની ચુકવણી હાલના યુનિવર્સિટી કેમ્પસ ડેવલોપમેન્ટ ફંડ માંથી કરવી અને ત્યાર બાદ કોઈ દાતા તરફથી દાન મળે તો તેમાંથી આ ખર્ચ સરભર કરવો.**

૨૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે તળાવવાળા ભાગમાં દાતાશ્રીના દાનમાંથી ચબુતરા બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કામની મંજૂરી આપવી તથા આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૨૧. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સમાજ કલ્યાણ ખાતા દ્વારા વિવેકાનંદ સમરસ હોસ્ટેલ બાંધવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીની ભલામણ મુજબ બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ બાંધવા માટે કેમ્પસ ઉપર જગ્યા ફાળવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે સમાજ કલ્યાણ ખાતા દ્વારા વિવેકાનંદ સમરસ હોસ્ટેલ બાંધવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીની ભલામણ મુજબ બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ બાંધવા માટે કેમ્પસ ઉપર જગ્યા ફાળવવા મંજૂરી આપવી.**

૨૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સદ્‌ભાવના હોલ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે સદ્‌ભાવના હોલ બનાવવા મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૨૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે મુખ્ય ગેઈટ પાસે આવેલ સિકયુરીટી કેબીનનું મકાન ઉતારી લેવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે મુખ્ય ગેઈટ પાસે આવેલ સિકયુરીટી કેબીનનું હાલમાં તૈયાર થયેલ મંદિર પરિસર આગળના ભાગ ને ખુલ્લો રાખી ડેવલપ કરવાનો હોય મકાન ઉતારી લેવા માટે મંજૂરી આપવી.**

૨૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેના મેઈન ગેઈટની ઉપરના ભાગમાં વીર નર્મદની રૂા.૨,૦૦,૦૦૦/–ની મર્યાદામાં મૂર્તિ મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કામની મંજૂરી આપવી અને આગળની કાર્યવાહી કરવી.**

૨૫. પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના સભ્યોની નિમણૂંક યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૧૨ તથા યુજીસીની ૧૧મી પંચવર્ષીય યોજનાની ગાઈડ લાઈન (૧૨મી પંચવર્ષીય યોજનાની ગાઈડ લાઈન ઉપલબ્ધ નથી.) મુજબ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના સભ્યોની નીચે મુજબ નિમણૂંક કરવી.**

| | | |
|---|---|---|
| **(૧)** | **ડૉ.દક્ષેશભાઈ ઠાકર** | **(માનનીય કુલપતિશ્રી)** |
| **(૨)** | **શ્રી જે. આર. મહેતા** | **(કુલસચિવશ્રી)** |
| **(૩)** | **શ્રી સંજયભાઈ દેસાઈ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૪)** | **શ્રી પરેશભાઈ પટેલ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૫)** | **શ્રી મેહુલભાઈ ઠાકર** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૬)** | **શ્રી અતુલભાઈ કે. દસાઈ** | **(એસ. વી. એન. આઈ. ટી. કોલેજ, સુરત.)** |
| **(૭)** | **ડૉ. કે. સી. પોરીયા** | **(હેડ, ફીઝીકસ વિભાગ વી. ન. દ. ગુ. યુ. સુરત.)** |
| **(૮)** | **શ્રી યોગેશભાઈ દેસાઈ** | **(સેનેટ સભ્યશ્રી)** |
| **(૯)** | **સુપ્રિન્ટેન્ડીંગ એન્જિનિયર (આર. એન્ડ બી.) સુરત.** | |

૨૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે બાંધકામ વિભાગમાં રોજબરોજની કામગીરી માટે હાલમાં કામ કરતા મજૂરો સિવાય વધુ ૦૪ મજૂરો કામ પર રાખવા તથા એક કડિયો અને હાલમાં કામ કરતા ટેકનીશ્યનોને બજાર ભાવ પ્રમાણે રોજની ચૂકવણી કરવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે બાંધકામ વિભાગમાં રોજબરોજની કામગીરી માટે હાલમાં કામ કરતા મજૂરો સિવાય વધુ ૦૪ મજૂરો કામ પર રાખવા તથા એક કડિયો અને હાલમાં કામ કરતા ટેકનીશ્યનોને બજાર ભાવ પ્રમાણે રોજની ચૂકવણી કરવા મંજૂરી આપવી.**

૨૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે ૧૨મી પંચવર્ષીય યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી ગ્રાન્ટ યુટીલાઈઝેશન કમિટીની ભલામણ મુજબ ડ્રેનેજ નેટવર્ક, સ્ટ્રીટ લાઈટ નાંખવા તથા મૂલ્યાંકન ભવન બનાવવા માટેની કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે ૧૨મી પંચવર્ષીય યોજના હેઠળ મળેલ ગ્રાન્ટમાંથી ગ્રાન્ટ યુટીલાઈઝેશન કમિટીની ભલામણ મુજબ ડ્રેનેજ નેટવર્ક, સ્ટ્રીટ લાઈટ નાંખવા તથા મૂલ્યાંકન ભવન બનાવવા માટેની કાર્યવાહી કરવા મંજૂરી આપવી અને આગળની કાર્યવાહી કરવી.**

૨૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ બેચલર ઓફ ફાઈન આર્ટસ અને ઈન્ટિરીયર ડિઝાઈન અભ્યાસક્રમ માટેના ઈન્ફ્રાસ્ટકચર અંગે આ વિભાગના અધ્યાપકો તરફથી મળેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર વિભાગ માટે દાન મેળવવા પ્રયાસો કરવા.**

૨૯. યુનિવર્સિટી કેમ્પસ ખાતે જયદેવી જયનારાયણ ટ્રસ્ટ, સુરત તરફથી યુનિવર્સિટીના આર્ટ ગેલેરી તથા આર્ટ રેસીડન્સ પ્રોજેકટ માટે તેમના ટ્રસ્ટનું નામ આપવાની શરતે રૂા.૭૧ લાખના દાનની ઓફર કરતા મળેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દાન સ્વીકારવું તથા આર્ટ ગેલેરી અને રેસીડન્સ પ્રોજેકટને મંજૂરી આપવી અને આગળની કાર્યવાહી કરવી.**

૩૦. યુનિવર્સિટી કેમ્પસ ખાતે શ્રી ઈશ્વરભાઈ સવાણી તરફથી મળેલ રૂા.૫૧ લાખના દાનની નોધં લેવા બાબત તથા તેમાંથી રીસર્ચ સેન્ટર બનાવવા માટે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દાન સ્વીકારવું તથા રીસર્ચ સેન્ટર બનાવવા મંજૂરી આપવી અને આગળની કાર્યવાહી કરવી.**

૩૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ એમ્ફી થીયેટરની પાછળના ભાગમાં ટોયલેટ બ્લોક બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ એમ્ફી થીયેટરની પાછળના ભાગમાં ટોયલેટ બ્લોક બનાવવા મંજૂરી આપવી.**
**વધુમાં એમ્ફી થીયેટરની નજીક ગ્રીન રૂમ પણ બનાવવી.**

૩૨. યુનિવર્સિટી કેમ્પસ ખાતે સિકિયુરીટીનો વાર્ષિક કોન્ટ્રાકટ મે. શકિત સિકયુરીટી, સુરતને સોંપવામાં આવેલ હતો, પ્રસ્તુત કોન્ટ્રાકટ વધુ એક વર્ષ માટે જૂના ટેન્ડરના ભાવ અને શરતોને આધીન રીન્યુ કરવા માટે મે. શકિત સિકયુરીટી, સુરતના મળેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નવા ટેન્ડરો મંગાવવા.**

૩૩. યુનિવર્સિટી સંલગ્ન ટી. એન્ડ ટી. વી. સ્કુલ ઓફ નર્સિંગ, અશ્રકતાશ્રમ કોમ્પલેક્ષ, રામપુરા, સુરતમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૩–૨૦૧૪થી બંધ કરવાના શેઠ દલીચંદ્ વીરચંદ્ શ્રોફ અશ્રકતાશ્રમ, રામપુરા સુરતના માનદ્‌મંત્રીએ સદર અભ્યાસક્રમ બંધ કરવા માટે તેમના તા.૮–૯–૨૦૧૨ના પત્રાંક : ૧૦/ ૯/ ૧૨થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આ કોલેજના કલોઝર માટે નીચે મુજબની સમિતિ બનાવવી.**

**(૧) ડૉ.અનિલ ગોસ્વામી (સેનેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.ધનેશ વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) ડૉ.રજની પટેલ (સ્મીમેર મેડીકલ કોલેજ, સુરત.)**

૩૪. સિન્ડિકેટ તા.૨૪–૯–૨૦૦૮ના ઠરાવ ક્રમાંક : ૩૧ અનુસાર કેટલીક ઉત્તરવહીઓ પ્રલ્પમાં આપતાં અલાયદી રાખવાનું ઠરાવવામાં આવ્યું છે.

હાલ આ ઉત્તરવહીઓ પરીક્ષા ભવનના રૂમ નંબર. ૧૦૫માં સીલ કરેલ છે. આ રૂમ સીલ કરેલ હોઈ કોઈ ઉપયોગમાં લઈ શકાતો નથી. આ સંજોગોમાં આ ઉત્તરવહીઓનો નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (એ–બ્રાંચ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોઈ કોર્ટ મેટર કે અન્ય તપાસ ચાલુ હોય તેવી ઉત્તરવહીઓ સાચવી રાખવી બાકીની અન્ય ઉત્તરવહીનો નિકાલ કરવો.**

૩૫. પરીક્ષા આચાર સમિતિની તા.૨૮–૯–૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૨૮–૯–૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ક " માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૩૬. પરીક્ષા આચાર સમિતિની તા.૩૦–૧૦–૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....
(નોંધ : પરીક્ષા આચાર સમિતિની ઉપરોકત સભાની કાર્યવાહીની નોંધ / ભલમણો આ સાથે સામેલ છે.)

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૩૦–૧૦–૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ખ " માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

૩૭. બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૦૯/૦૭/૨૦૧૨ના રોજ મળેલ સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંકઃ ૨,૭,૮,૯ અને ૧૦ પર વિચારણા કરવા બાબત.

(યુ.ક. અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૦૯/૦૭/૨૦૧૨ના રોજ મળેલ સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંકઃ ૨,૭,૮,૯ અને ૧૦ પરિશિષ્ટ : " ગ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ :" ગ ")**

૩૮. શ્રી અતિત શાહની તા.૨૯–૦૯–૨૦૧૨ની અરજી વંચાણે લેવા વિનંતી છે. (આ સાથે સામેલ છે.) શ્રી અતિત શાહ યુનિવર્સિટીની સુવિધા અને વિકાસ માટે સ્કલ્પચર, બાકડાઓ તથા બગીચો વિગેરે વસ્તુઓના રૂપમાં (રૂા.૧૦ લાખની મર્યાદામાં) "પૂજય દાદા સ્વ.કાન્તીલાલ જીવણલાલ શાહ (અમરોલી)"ની સ્મૃત્તિમાં દાન તરીકે આપવામાં માંગે છે. તેમની અરજી પર વિચારણા કરવા બાબત...

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી અતિત શાહ યુનિવર્સિટીની સુવિધા અને વિકાસ માટે સ્કલ્પચર, બાકડાઓ તથા બગીચો વિગેરે વસ્તુઓના રૂપમાં (રૂા.૧૦ લાખની મર્યાદામાં) "પૂજય દાદા સ્વ.કાન્તીલાલ જીવણલાલ શાહ (અમરોલી)"ની સ્મૃત્તિમાં દાન તરીકે આપવા માંગે છે તેમના દાનનો સાભાર સ્વીકાર કરવો અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૩૯. શ્રી રામસિંહ એચ. રાજપૂતની તા.૧૩–૨–૨૦૧૨ તથા તા.૧૩–૪–૨૦૧૨ની અરજી અન્વયે સને ૨૦૦૫–૦૬, ૨૦૦૬–૦૭ તથા ૨૦૦૭–૦૮ના ઓડીટ પેરા અન્વયે ભરવાપાત્ર થતી રકમ વેવ કરવા તથા છઠ્ઠા પગારપંચ મુજબ તેમની સર્વિસ દરમ્યાનના સમયનું એરીયર્સ ચૂકવવા અંગેની વિનંતી પર વિચારણા કરવા બાબત.....

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે શ્રી રવિન્દ્રભાઈ વેપારીનો અભિપ્રાય લઈ આગળની કાર્યવાહી કરવી.**

૪૦. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લીગલ કેસો માટે એડવોકેટશ્રીઓની પેનલ માટે એડવોકેટશ્રીઓના નામો પર વિચારણા કરવા બાબત.

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લીગલ કેસો માટે એડવોકેટશ્રીઓની પેનલ માટે એડવોકેટશ્રીઓના નામો નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**વધુમાં એડવોકેટશ્રીઓની ફી અગાઉથી નકકી કરવી.**

૪૧. બોર્ડ ઓફ સ્પોર્ટસ ફીઝીકલ એજયુકેશન એન્ડ રિક્રીએશસનની સને ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧, અને ૨૦૧૧–૧૨ના વર્ષ સુધીની ટર્મ પુરી થતા પ્રસ્તુત બોર્ડની ત્રણ વર્ષની મુદત સ્ટેટયુટ : ૧૭૬ (એ) ૧, ૨, ૫, ૬ અને ૮ મુજબના સભ્યો નિયુકત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા.શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ સ્પોર્ટસ ફીઝીકલ એજયુકેશન એન્ડ રિક્રીએશસનની સમિતિ ઉપર નીચે મુજબના સભ્યોની નિમણૂંક કરવી.**

| | | |
|---|---|---|
| **(૧)** | **કર્નલ મલેક** | **(બટાલીય ૫, બહુમાળી, સુરત)** |
| **(૨)** | **ડૉ.વિનોદભાઈ પટેલ** | **(નવયુગ કોમર્સ કોલેજ, રાંદેર રોડ, સુરત.)** |
| **(૨)** | **ડૉ.પંકજભાઈ દેસાઈ** | **(વલસાડ)** |
| **(૩)** | **આ.ડૉ.નિતિનભાઈ પટેલ** | **(ભરૂચ)** |
| **(૪)** | **શ્રી ગણપતભાઈ ધામેલીયા** | **(સેનેટ સભ્યશ્રી)** |
| **(૫)** | **શ્રી રૂસ્તમભાઈ સદરી** | **(જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સ્ટે.: ઉત્રાણ, સુરત.)** |
| **(૬)** | **શ્રી મિનેશ નિઝામ** | **(ખોલવડ)** |
| **(૭)** | **શ્રી ભાવેશ દેવતા** | **(બીલીમોરા)** |
| **(૮)** | **શ્રી અનિલ પટેલ** | **(માંડવી)** |
| **(૯)** | **શ્રી કિરીટસિંહ વાંસદિયા** | **(સેનેટ સભ્યશ્રી)** |
| **(૧૦)** | **પ્રિયાના પટેલ** | **(બી.કે.એમ.સાયન્સ કોલેજ, વલસાડ)** |
| **(૧૧)** | **પદમીની પંડયા** | **(પી. ટી. સાયન્સ કોલેજ, સુરત.)** |
| **(૧૨)** | **જેસીકા પટેલ** | **(બારડોલી)** |
| **(૧૩)** | **શ્રી અમિતસિંહ સિંધા** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૧૪)** | **શ્રી સનમ પટેલ** | **(સેનેટ સભ્યશ્રી)** |
| **(૧૫)** | **શ્રી પ્રગ્નેશ મીસ્ત્રી** | **(સેનેટ સભ્યશ્રી)** |

૪૨. શારીરિક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગના સહાયક નિયામક શ્રી કપિલદેવ શુકલ વય મર્યાદાને કારણે તા.૩૧/૧૦/૨૦૧૨ના દિવસે નિવૃત્ત થાય છે. આ વિભાગના કાયમી અને વિશિષ્ટ કાર્યભારને ધ્યાને લઈ રાજય સરકારના નિવૃત્ત શૈક્ષણિક કર્મચારીઓના ધારાધોરણ અને નીતિનિયમો અનુસાર પે–માઈન્સ પેન્શનની યોજના અંતર્ગત શ્રી કપિલદેવ શુકલની સેવા ચાલુ રાખવા બાબત......

(યુ.ક. અને શા.શિ.)

:: **આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, શારીરિક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગના સહાયક નિયામક શ્રી કપિલદેવ શુકલને ૧૧ (અગિયાર) માસના કોન્ટ્રાકટ ઉપર લેવા મંજૂરી આપવી.**

**(નોંધ : શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ તા.૭–૧–૨૦૧૩ના પત્રથી પ્રસ્તુત બાબતમાં વાંધો નોંધાવેલ છે.)**

૪૩. યુનિવર્સિટી સંલગ્ન ઉધના એકેડમી એજયુકેશન ટ્રસ્ટ ઉધના સંચાલિત કોલેજોમાં આચાર્ય તરીકે ફરજ બજાવતા ડૉ.અરવિંદકુમાર જી. મહેતા વય મર્યાદાને કારણે શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨–૧૩ના પ્રથમ સત્રને અંતે નિવૃત્ત થતા હોઈ, જેથી ડૉ.અરવિંદકુમાર જી. મહેતા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨–૧૩ના અંતે નિવૃત્ત થાય ત્યાં સુધીનું Extension આપવા ટ્રસ્ટના પ્રમુખશ્રીના તા.૧૭–૦૯–૨૦૧૨ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્થાનો પોતાનો પત્ર પરત ખેંચેલ હોય તેથી હાલ કશું કરવાનું રહેતું નથી.**

૪૪. સને ૨૦૧૧–૧૨ના શૈક્ષણિક વર્ષ માટે પી.એચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહી પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૧–૧૨ના શૈક્ષણિક વર્ષ માટે પી.એચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃત્તિ એનાયત કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહી પરિશિષ્ટ : " ઘ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ઘ ")**

૪૫. સને ૨૦૧૧–૧૨ના શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહી પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૧–૧૨ના શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમાયેલ સમિતિની કાર્યવાહી પરિશિષ્ટ : " ચ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ચ ")**

૪૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગમાં લેકચરર તરીકે કાયમી જગા પર NET/ SLET/ Ph.D પસાર કરવાની શરતે બે વર્ષના અજમાયશી સમય પર તા.૨૦–૧૦–૨૦૦૮થી નિમણૂંક પામેલ Shri Mihir B. Mori ધ્વારા સિન્ડિકેટ તા.૨૯–૯–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક : ૭૭ અંતર્ગત તા.૧૯–૧૦–૨૦૧૧ સુધી અજમાયશી સમય લંબાવવામાં આવેલ પરંતુ શ્રી મોરી ધ્વારા નિમણૂંકની શરત પૂર્ણ કરવામાં આવી ન હોય તેમજ તેઓ ધ્વારા જૂન–૨૦૧૩ સુધી અજમાયશી સમય લંબાવવા તેઓના તા.૯–૭–૨૦૧૨ના પત્રથી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અંગ્રેજી વિભાગનાં લેકચરર શ્રી મિહિર મોરીની યુ. જી. સી. મુજબની લાયકાત ન હોય તેમને ૩ (ત્રણ) માસની નોટીસ આપી ટર્મીનેટ કરવા.**

**(નોંધ : પ્રસ્તુત બાબતની ચર્ચા સમયે શ્રી ગૌરાંગભાઈવૈદ્ય સભાના અધ્યક્ષશ્રીની મંજૂરી લઈ બહાર ગયા હતા અને ચર્ચા/ નિર્ણયમાં ભાગ લીધો હતો નહીં.)**

૪૭. પરિણામોથી સંતોષ ન થતાં વિદ્યાર્થીઓ તથા વાલીઓ વારંવાર ઉત્તરવહી જોવા તેમજ તેની ઝેરોક્ષ નકલ મેળવવા રજુઆતો કરે છે. આ સંજોગોમાં ઉત્તરવહી બતાવવી કે કેમ ? ઝેરોક્ષ નકલ આપવી કે કેમ ? તથા આ અંગેના નિયમો કેવા રાખવા તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા( એ બ્રાન્ચ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) આ.ડૉ. વિક્રમભાઈ દેસાઈ (સિન્ડીકેટ સભ્યશ્રી)**
**(૨) આ.ડૉ. વિપીનભાઈ ડી. નાયક (એસ. પી. બી. ઈંગ્લિશ મીડીયમ કોલેજ, સુરત)**
**(૩) મેજર ઉન્મેષભાઈ પંડયા (સિન્ડીકેટ સભ્યશ્રી)**
**(૪) આ.ડૉ.ભાસ્કરભાઈ રાવલ (નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર, જિ.: ભરૂચ.)**

૪૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ ધ્વારા ચલાવવામાં આવતાં એમ. બી. એ. સ્વનિર્ભર અભ્યાસક્રમ હેઠળ પાંચ વર્ષના કરાર આધારિત NET/ SLET/ Ph.D. પસાર કરવાની શરતે તા.૨૨–૮–૨૦૦૬થી નિમણૂંક પામેલ Assistant Professor, Dr.Namrata N. Khatri ધ્વારા મેનેજમેન્ટ વિષયમાં Ph.D. Notification No.1525, તા.૪/૬/૧૨ થી Ph.D. પસાર થયા હોય તેઓ ધ્વારા નિમણૂંકની શરત પૂર્ણ કરવામાં આવી હોય તેમ જણાવી તા.૨૧–૬–૨૦૧૨ના પત્રથી કરેલ વિનંતી અંતર્ગત તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગના એમ. બી. એ. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની જગા પર નિમણુંક પામેલ ડૉ.નમ્રતા એન. ખત્રીને** A.I.C.T.E. **(એ. આઈ. સી. ટી. ઈ.) નોર્મસ પ્રમાણે પી.એચડી. ડીગ્રીની જરૂરીયાત ન હોઈ તેઓની નિમણૂંકની તારીખથી બે વર્ષ પૂર્ણ થયે કાયમ કરવા.**

૪૯. યુનિવર્સિટી કાર્યાલયમાં યુનિવર્સિટીના કરારો અને શરતોને આધિન ૦૩ (ત્રણ) વર્ષની મુદત માટે કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે માસિક રૂા.૧૦,૦૦૦/–ના ફીકસ પગારથી યુનિવર્સિટી ફંડ હેઠળ સિકયુરીટી ઓફિસર તરીકે તા.૩/૧૦/૨૦૦૯થી નિમણૂંક પામેલા શ્રી મેહુલ કનૈયાલાલ મોદીનો ૦૩ (ત્રણ) વર્ષનો કરાર નીચે દર્શાવ્યા મુજબની તારીખે પૂરો થતો હોય જે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દાનું નામ | નોકરીમાં જોડાયાની તારીખ | ત્રણ વર્ષનો કરાર પૂરો થવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી મેહુલ કનૈયાલાલ મોદી | સિકયુરીટી ઓફીસર (ત્રણ વર્ષના કરાર આધારિત) | ૩/ ૧૦/૨૦૦૯ | ૨/ ૧૦/૨૦૧૨ |

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિકયુટરી ઓફીસર શ્રી મેહુલ કનૈયાલાલ મોદીને ૧૧ (અગિયાર) માસના કોન્ટ્રાકટ ઉપર લેવા મંજૂરી આપવી.**

૫૦. યુનિવર્સિટી કાર્યાલયના વહીવટી વિભાગ, પરીક્ષા વિભાગ, ગ્રંથાલય તથા અનુસ્નાતક ભવનોમાં ઝેરોક્ષ મશીન/ડુપ્લો મશીનો HCL કંપનીમાંથી જુદા જુદા મેઈકના મોડલો યુનિવર્સિટી દ્વારા ખરીદી કરેલ છે. આ જુદા જુદા ઝેરોક્ષ મશીનો તથા ડુપ્લો મશીનનો વાર્ષિક જાળવણી કરવા માટે HCL કંપની પાસેથી આખા વર્ષ દરમ્યાનના ભાવો તેમના તા.૧/૮/૨૦૧૨ ના પત્રથી નીચે મુજબ મોકલાવેલ છે.

| Sr.No. | Model | Brand | AMC Rate in Rs. |
|---|---|---|---|
| 1 | E-STUDIO - 207 | TOSHIBA | 18,000/- |
| 2 | E-STUDIO- 282 | TOSHIBA | 35,000/- |
| 3 | E-STUDIO- 205 | TOSHIBA | 18,000/ |
| 4 | E-STUDIO-2030 | TOSHIBA | 15,000/ |
| 5 | E-STUDIO- 163 | TOSHIBA | 9,000/ |
| 6 | E-STUDIO- 166 | TOSHIBA | 9,000/ |
| 7 | E-STUDIO- 455 | TOSHIBA | 35,000/ |
| 8 | DC-120 | DUPLO | 32,000/ |
| 9 | DUPLO-550 | DUPLO | 75,000/ |

**શરતો :–**

- Taxs extra as applicable at the time of billing.
- Payment is to be made in advance.
- AMC is inclusive of all spares like Motors, Gears, Solenoids, Clutches and Electronic Circuits. However, Consumables like Toner, Drum Kit, Fuser Kit and Lamps, Plastic body parts are not covered under this contract. For Duplo Ink, Master, Thermal Head, Scanner, Screen, Cutter and Drum body is not covered under the contract.

ઉપરોકત મુજબનો ભાવો તેમજ શરતો મુજબ એચ.સી.એલ. કંપની સાથે રેટ કોન્ટ્રાકટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત મુજબનો ભાવો તેમજ શરતો મુજબ એચ. સી. એલ. કંપની સાથે રેટ કોન્ટ્રાકટ કરવા મંજૂરી આપવી.**

૫૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રના અનુસ્નાતક વિભાગના એસોસીયેટ પ્રોફેસર, ડો.પ્રજ્ઞેશ ગજજરના તા.૯–૮–૨૦૧૧ પત્રાંકઃમેથ્સ/પીગજજર/૩૦૦૬થી તાત્કાલિક અસરથી તા.૯–૮– ૨૦૧૧ થી પોતાના પદ પરથી સ્વૈચ્છિક રાજીનામુ આપતા પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધ :–

(૧) ડો.પ્રજ્ઞેશ ગજજર તા.૧૮–૫–૨૦૦૨ ના રોજ રીડર તરીકે ગણિતશાસ્ત્ર વિભાગમાં જોડાયા બાદ તા.૧૬–૨–૨૦૦૫ ના રોજ યુ.કે. પ્રવાસે જવા વિનંતી કરી હતી અને તેમને મંજૂરી આપવામાં આવી હતી. જેના માટે તેમને ૭૨ દિનની રજા ભોગવી હતી. તા.૧૯–૨–૨૦૦૭ના રોજ રાજીનામાનો પત્ર અને તા.૨૨–૨–૨૦૧૦ના પત્રથી રાજીનામું પરત ખેંચવા તથા પ્રસ્તૃત સમયગાળાની કપાત પગારની રજા બિન પગારી ગણી ફરજ પર હાજર કરવા વિનંતી કરી હતી. સિન્ડિકેટ તા.૮–૪–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક (૫૦) થી નીચે મુજબ ઠરાવેલ છે.

" યુનિવર્સિટીના ગણિતશાસ્ત્ર વિભાગના રીડર તરીકે નિમણૂંક પામેલ ડો.પ્રજ્ઞેશ ગજજરનું રાજીનામું સક્ષમ અધિકાર મંડળ સ્વીકાર કરે તે પહેલાં રાજીનામું પરત ખેંચી લેવાની તા.૨૨–૨–૨૦૧૦ની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવે છે અને તેઓ જેટલા સમય ગેરહાજર રહ્યા હોય તેને બિન પગારી રજા ગણી આનુષાંગિક લાભો સાથે ફરજ પર હાજર કરવા ઠરાવેલ હતું."

ઉપરોકત ઠરાવ મુજબ તેમની ગેરહાજરી અંતર્ગત તા.૨૧–૬–૨૦૦૫થી ૨૫–૪–૨૦૧૦ દિન ૧૭૭૦ની કપાત પગારી રજા ભોગવી હતી અને તા.૨૬–૪–૨૦૧૦ના રોજ ફરજ પર હાજર થયા હતાં.

(૨) ઉપરોકત પત્રથી ડો.પ્રજ્ઞેશ ગજજરે ૩ માસનો નોટીસ પે તેમના છઠ્ઠા પગાર પંચ અંતર્ગત ફિક્ષેશન કરવામાં આવે ત્યારે તેમને મળવાપાત્ર એરીર્યસની રકમમાંથી સરભર કરવા જણાવેલ છે.

(૩) જી.સી.એસ.આર.ના નિયમાનુસાર ડો.પ્રજ્ઞેશ ગજજરની રજા ૫ વર્ષથી વધુ હોઈ સદર રજાઓ માટે રાજય સરકારની મંજૂરી જરૂરી હોઈ કાર્યાલય ધ્વારા તા.૧૬–૯–૨૦૧૦ના પત્રાંકઃજન/એસ્ટા/ટી/૯૯૧૫/૨૦૧૦ થી શિક્ષણ વિભાગને પત્ર પાઠવવામાં આવેલ હતો. જે સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા ક્રમાંકઃદગય/૨૬૧૧/૫૦૬૭–ખ તા.૫/૯/૧૧ પત્રાંક થી જરૂરી પૂર્તતા કરવા જણાવવામાં આવેલ હતું. જે અંતર્ગત કાર્યાલય દ્વારા તા.૬/૯/૧૧ પત્રાંક ક્રમાંક/જન/૯૬૪૮/૨૦૧૧ થી જરૂરી પૂર્તતા કરવામાં આવેલ છે. સદર બાબતે શિક્ષણ વિભાગ દ્વારા હજી સુધી મંજૂરી આપવામાં આવેલ નથી.

(૪) કાર્યાલય ધ્વારા તેમને પાંચમાં પગારપંચ અંતર્ગત મેળવતા પગાર અંતર્ગત પત્રાંકઃ જન/ એસ્ટા/ ૫૭૦૪, તા.૯–૮–૨૦૧૧/૨૯–૫–૨૦૧૨ થી નોટીસ પે રૂા.૧,૩૫,૪૫૦/– ભરવા માટે જણાવવામાં આવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ.પ્રજ્ઞેશ ગજજરના રાજીનામાનો સ્વીકાર કરવો બન્ને પક્ષે કોઈ નાણાંકીય લેતી–દેતીઓ હવે કરવી નહીં.**

૫૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાઓની પરીક્ષા ફીના માળખા અંગે પુનઃ વિચારણા કરવા બાબત.

(પરીક્ષા( એ બ્રાન્ચ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક અભ્યાસક્રમોમાં એક જ અભ્યાસક્રમના અનુદાનિત તથા સ્વનિર્ભરની પરીક્ષા ફી સમાન (સરખી) રાખવી.**

**વધુમાં ફી બાબતે નવા ડીનશ્રીઓની વરણી બાદ તમામ ડીનશ્રીઓની એક સમિતિ બનાવવી તથા શિક્ષકોના પ્રતિનિધિશ્રી ઉન્મેષ પંડયાનો સમાવેશ કરવો.**

૫૩. યુનિવર્સિટીની સેનેટ/ સિન્ડિકેટ/ એકેડેમિક કાઉન્સીલ વિગેરેમાં અનુસૂચિત જાતિ/ જનજાતિની કાસ્ટના સભ્યોને પ્રતિનિધિત્વ આપવા અંગે યુનિવર્સિટીનાં એકટ/ સ્ટેટયુટમાં સુધારા માટે તા.૨૪–૮–૨૦૧૨ના રોજ મળેલ કમિટિ દ્વારા રજૂ કરેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(એસસી/ એસટી. સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની સેનેટ/ સિન્ડિકેટ/ એકેડેમિક કાઉન્સીલ વિગેરેમાં અનુસૂચિત જાતિ/ જનજાતિની કાસ્ટના સભ્યોને પ્રતિનિધિત્વ આપવા અંગે યુનિવર્સિટીનાં એકટ/ સ્ટેટયુટમાં સુધારા માટે તા.૨૪–૮–૨૦૧૨ના રોજ મળેલ કમિટિ દ્વારા રજૂ કરેલ અહેવાલનો પરિશિષ્ટ : " છ "માં દર્શાવ્યા મુજબ સ્વીકાર કરવો અને O.37 માં સુચવ્યા મુજનો સુધારો કરવો અને સેનેટને ભલામણ કરવી તથા Act(એકટ)માં સુધારો કરવા રાજય સરકારને ભલામણ કરવી.**

**(પરિશિષ્ટ : " છ ")**

૫૪. યુનિવર્સિટીના કાર્યાલયના જુદા જુદા વિભાગોના ઉપયોગ માટે જરૂરી ૨૦ નંગ કોમ્પ્યુટર તેમજ ડૉ. રેણુકા ગર્ગ વિભાગીય વડાશ્રી, ડી.બી.આઈ.એમ.ના તા.૨૭/૮/૨૦૧૨ના પત્રથી કુલ ૬૦ કોમ્પ્યુટર અને ડૉ. પંકજ ગઢિયાના પત્ર ક્રમાંકઃબાયોસાયન્સ/૩૯૨૯/૨૦૧૨ તા.૨૯/૯/૨૦૧૨ ના પત્રથી પાંચ (૫) કોમ્પ્યુટરની માંગણી કરેલ છે. જે પત્રો આ સાથે સામેલ છે. જે અવલોકનમાં લેવા વિનંતી.

સદર કોમ્પ્યુટર યુનિવર્સિટી કાર્યાલય દ્વારા M/S Innovative Telecom & Software Pvt. Ltd., Surat. પાસેથી Desktop Computer Lenovo Thinkcenter PC – M71e Processor : Intel Core i5-2300 processor પત્રાંક No.: Gen/Store/1810/2012 Dt.16/02/2012 થી કોમ્પ્યુટર ખરીદવામાં આવ્યા હતા. જેની એક (૧) કોમ્પ્યુટરની કિંમત રૂા.૨૬,૦૦૦/– જે ઓર્ડરની નકલ આ સાથે સામેલ છે. ઉપરોકત ઓર્ડર અવલોકનમાં લઈ કુલ ૮૫ કોમ્પ્યુટર કુલ રૂા.૨૨,૧૦,૦૦૦/–ના ખર્ચે રીપીટ ઓર્ડરથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

૧. યુનિવર્સિટી કાર્યાલયના કોમ્પ્યુટરનો ખર્ચ UGC Grant હેઠળ કરવા જણાવેલ છે.

૨. ડી.બી.આઈ.એમ. વિભાગના કોમ્પ્યુટરનો ખર્ચ સેલ્ફ ફાઈનાન્સ ફંડ હેઠળ કરવા જણાવેલ છે.

૩. બાયોસાયન્સ વિભાગના કોમ્પ્યુટરનો ખર્ચ Biosciences UGC-SAP હેઠળની સને ૨૦૧૨–૧૩ વર્ષની Basic Scientific Research (BSR) S.B.A/C.-7996 ગ્રાંટ હેઠળ કરવા જણાવેલ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબતે ટેન્ડરીંગ કરવા.**

૫૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજ્ય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે PROFESSOR (Open-1)ની શૈક્ષણિક જગા ભરવા Ordinance - 37 હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજ્ય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે** PROFESSOR (Open-1)**ની શૈક્ષણિક જગા ભરવા** Ordinance-37 **હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર કરી શ્રી જગદીશચંદ્ર મુળજીભાઈ ગુર્જરની નિમણૂંક કરવી અને તેમનો છેલ્લો પગાર LPCના આધારે રક્ષિત કરવો.**

૫૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજ્ય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે ASSOCIATE PROFESSOR (Open-1) ની શૈક્ષણિક જગા ભરવા Ordinance - 37 હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજ્ય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે** ASSOCIATE PROFESSOR (Open-1) **ની શૈક્ષણિક જગા ભરવા** Ordinance - 37 **હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર કરી શરીફાબેન કાસમભાઈ વીજળીવાળાની નિમણૂંક કરવી અને તેમનો છેલ્લો પગાર LPCના આધારે રક્ષિત કરવો.**

૫૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે ASSOCIATE PROFESSOR (SEBC -1) ની શૈક્ષણિક જગા ભરવા Ordinance - 37 હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)ી

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે** ASSOCIATE PROFESSOR (SEBC -1) **ની શૈક્ષણિક જગા ભરવા** Ordinance - 37 **હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર કરી શ્રી જશુભાઈ ગુમાનભાઈ પટેલની નિમણૂંક કરવી અને તેમનો છેલ્લો પગાર LPCના આધારે રક્ષિત કરવો.**

૫૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે ASSISTANT PROFESSOR (SEBC-1)ની શૈક્ષણિક જગા ભરવા Ordinance - 37 હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે** ASSISTANT PROFESSOR (SEBC-1)**ની શૈક્ષણિક જગા ભરવા** Ordinance - 37 **હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર કરી શ્રી ભરતજી જીવનજી ઠાકોરની નિમણૂંક કરવી.**

૫૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે ASSISTANT PROFESSOR (Open-2)ની શૈક્ષણિક જગા ભરવા Ordinance - 37 હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.
(નોંધ : પસંદગી સમિતિની ભલામણો સભા સમયે રજૂ કરવામાં આવશે.)

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને રાજય સરકારશ્રી ધ્વારા ગુજરાતી વિષય માટે ગુજરાતીના સ્વતંત્ર વિભાગ તરીકે મળેલ મંજૂરીના અનુસંધાને કાયમી ધોરણે ASSISTANT PROFESSOR (Open-2)ની શૈક્ષણિક જગા ભરવા Ordinance - 37 હેઠળ તા.૧૪–૯–૨૦૧૨ના રોજ રાખવામાં આવેલ પસંદગી સમિતિની ભલામણોનો સ્વીકાર કરી (૧) ત્રીવેદી પન્નાબહેન બીપીનચંદ્રની તથા (૨) શુકલા નરેશકુમાર રવિશંકરની નિમણૂંક કરવી.**

**વધુમાં શુકલા નરેશકુમાર રવિશંકરનો પગાર LPCના આધારે રક્ષિત કરવો.**

૬૦. યુનિવર્સિટી સિન્ડિકેટ દ્વારા નિયુકત ગ્રાંટ યુટીલાઈઝેશન સમિતિની સભાની ભલામણ મુજબ UGC ગ્રાંટ માંથી MATLAB સોફટવેર ખરીદવા ડૉ.અપૂર્વ દેસાઈ પ્રોફેસર એન્ડ હેડ, કોમ્પ્યુટર સાયન્સ વિભાગએ તેમના તા.૧૪/૫/૨૦૧૨ પત્ર ક્રમાંક : યુજીસી/ ૫૧૭૩/ ૨૦૧૨થી MATLAB સોફટવેર ખરીદવા અંગે ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ છે. MATLAB એ Maths works નું પ્રોપ્રાયટર સોફટવેર છે અને Maths works India Pvt Ltd. એ સદર સોફટવેરના વેચાણ માટે M/S Designtech System Ltd, Pune ને સમગ્ર ગુજરાત માટે Authorised Reseller બનાવેલ છે.

ડૉ.દેસાઈએ તેમના પત્રની સાથે યુનિવર્સિટીની જરૂરીયાત મુજબ ટુલબોક્ષનું લીસ્ટ ઓથોરાઈઝેશન પ્રમાણપત્ર સાથે મોકલાવેલ છે તેમજ આ અંગે રૂા.૮,૪૪,૭૩૦/– + Taxes extra જેટલો ખર્ચ થવા જાય છે. જે સોફટવેર Designtech System Ltd, Pune પાસેથી ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૬૧. યુનિવર્સિટી ખાતે Comunity Radio Station ઉભુ કરવા અંગે Broadcast Engineering Consultants India Ltd.ની પ્રપોઝલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે** Comunity Radio Station **ઉભુ કરવા અંગે** Broadcast Engineering Consultants India Ltd.**ની પ્રપોઝલ મંજૂર કરવી અને આગામી ઘટતી કાર્યવાહી કરવી.**

૬૨. યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમ (એમ. એસસી. આઈ.ટી., ડી. બી. આઈ. એમ. તેમજ અન્ય તમામ ડિપાર્ટમેન્ટો)ના શૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપવા અંગે સિન્ડિકેટની તા.૨૨–૧૨–૨૦૧૧/ ૦૯–૦૨–૨૦૧૨ની બાબત ક્રમાંક –૩૪ અનુસાર ત્રણ સભ્યોની સમિતિ બનાવવામાં આવી હતી. પ્રસ્તુત સમિતિની તા.૨૧–૦૯–૨૦૧૨ની કાર્યવાહી મુજબ સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમ (એમ. એસસી. આઈ.ટી., ડી. બી. આઈ. એમ. તેમજ અન્ય તમામ ડિપાર્ટમેન્ટો)ના શૈક્ષણિક કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપવા અંગે સિન્ડિકેટની તા.૨૨–૧૨–૨૦૧૧/ ૦૯–૦૨–૨૦૧૨ની બાબત ક્રમાંક –૩૪ અનુસાર ત્રણ સભ્યોની સમિતિ બનાવવામાં આવી હતી. પ્રસ્તુત સમિતિની તા.૨૧–૦૯–૨૦૧૨ની કાર્યવાહી પરિશિષ્ટ : " જ "માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " જ ")**

૬૩. સને ૨૦૧૨–૧૩થી શરૂ થયેલ એલએલ.એમ. કોર્ષના કો.ઓર્ડિનેટરશ્રીએ કોર્ષની થતી આવક માંથી ૧૦ **%** પ્રમાણે યુનિવર્સિટીમાં જમા કરાવવાની થતી વિશિષ્ટ અનામત ફંડની રકમ આપવામાંથી આગામી ૫ વર્ષ સુધી માંગેલ રાહત અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૨–૧૩થી શરૂ થયેલ એલએલ.એમ. કોર્ષના કો.ઓર્ડિનેટરશ્રીએ કોર્ષની થતી આવક માંથી ૧૦% પ્રમાણે યુનિવર્સિટીમાં જમા કરાવવાની થતી વિશિષ્ટ અનામત ફંડની રકમ આપવામાંથી આગામી ૫ વર્ષ સુધી માંગેલ રાહત મંજૂર રાખવી.**

૬૪. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમરોલીમાં તા.૧૫–૧૧–૨૦૧૨ના રોજ બીજી સેશનમાં ટી.વાય.બી.એ.માં ગુજરાતી પેપર–૪ અને અર્થશાસ્ત્ર પેપર –૪ વિષયની પરીક્ષા દરમ્યાન સદરહું કોલેજમાં બનેલ ઘટના અંગે માનનીય કુલપતિશ્રીએ નીમેલ કમીટીના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (એ–બ્રાન્ચ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર વિદ્યાર્થીએ યુનિવર્સિટી દ્વારા રચિત સમિતિ સમક્ષ ભૂલનો એકરાર કરેલ હોય અત્યાર સુધીની સજા માન્ય રાખી આગળનો અભ્યાસ કરવાની મંજૂરી આપવી.**

૬૫. યુનિવર્સિટી ખાતે વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતા ખર્ચ અંગે સને ૨૦૧૨–૧૩ તથા સને ૨૦૧૩–૧૪ માટે નાણાં સમિતિના સભ્યોની ૦.૩૩ મુજબ વરણી કરવા બાબત. આ સાથે ૦.૩૩ની નકલ સામેલ છે.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ૦.૩૩ મુજબ નીચે મુજબના સભ્યોની નિમણૂંક નિયમાનુસારના સમયગાળા માટે એટલે કે વર્તમાન સિન્ડિકેટના સમયગાળા માટે કરવી.**

**(૧) શ્રી ગૌરાંગ વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) ડૉ.જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) આ. ડૉ. વિનોદભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૬૬. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો (સરકારી, અનુદાન પાત્ર અને સ્વનિર્ભર) નું ચાલુ જોડાણ જૂન–૨૦૧૨માં પૂરૂ થતું હોય, સંસ્થાઓ દ્વારા ચાલુ / વધારાનું / કાયમી જોડાણ તથા એડીશન ડિવિઝન / કોર્ષ / સબ્જેકટનું જોડાણ મેળવવા માટે આ સાથે સામેલ યાદી મુજબની સંસ્થા / કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ જોડાણઅરજીનાં સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો (સરકારી, અનુદાન પાત્ર અને સ્વનિર્ભર) નું ચાલુ જોડાણ જૂન–૨૦૧૨માં પૂરૂ થતું હોય, સંસ્થાઓ દ્વારા ચાલુ / વધારાનું /કાયમી જોડાણ તથા એડીશન ડિવિઝન / કોર્ષ / સબ્જેકટનું જોડાણ મેળવવા માટે સંસ્થા / કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ જોડાણઅરજીનાં સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૬૭. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે યુનિવર્સિટી સાથે નવું જોડાણ મેળવવા માટે આ સાથે સામેલ યાદી મુજબની સંસ્થા/ કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ જોડાણ અરજીનાં સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિની નિમણૂંક માટે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે યુનિવર્સિટી સાથે નવું જોડાણ મેળવવા માટે સંસ્થા/ કોલેજ તરફથી, યુનિવર્સિટી કાર્યાલયએ નિયત કરેલ પત્રકમાં યુનિવર્સિટી કાર્યાલયને મળેલ જોડાણ અરજીનાં સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવાની સત્તા માનનીય કુલપતિશ્રી ને આપવી.**

૬૮. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે આ સાથેની યાદીમાં દર્શાવેલ કોલેજો સામે દર્શાવેલ સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમના ચાલુ / નવા / એક્ષટેન્શનની માન્યતા આપવા માટે તથા ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પોસ્ટ ગ્રેજયુએશન સેન્ટરની મળેલ નવા જોડાણ અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની નિયુકતી કરવાની હોય જે અવલોકનમાં લેતા સ્થાનિક તપાસ સમિતિની નિયુકતી કરવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક )

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમના ચાલુ / નવા / એક્ષટેન્શનની માન્યતા આપવા માટે તથા ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં પોસ્ટ ગ્રેજયુએશન સેન્ટરની મળેલ નવા જોડાણ અરજી સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિની નિયુકતી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૬૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લોકપ્રશાસન વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ. એ. વેંકટરામન સને ૨૦૦૧ થી ૧૧ વર્ષ વિભાગીય વડા તરીકે સેવા આપી હોય વિભાગના વિકાસ માટે તેઓના મતે હેડની જગા લોકશાહી રૂપે રોટેશન મુજબ હોવી જોઈએ તેમ જણાવેલ છે, પરંતુ સાઉથ ગુજરાત યુનિવર્સિટી એકટ ૧૯૬૫ રોટેશન મુજબ હેડશીપ આપવા પરવાનગી આપતું ન હોય તેથી ડૉ. એ. વેંકટરામનને તેમના તા.૧૧–૧૦–૨૦૧૨ના પત્રથી લોકપ્રશાસન વિભાગના વિભાગીય વડાનું પદ સ્વૈચ્છિક રીતે છોડી ફકત ફેકલ્ટી મેમ્બર તરીકે સેવા ચાલુ રાખવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના લોકપ્રશાસન વિભાગના પ્રોફેસર એન્ડ હેડ, ડૉ. એ. વેંકટરામનનું વિભાગીય વડા તરીકેનું રાજીનામું સ્વીકારવું તથા અન્ય કોઈને ચાર્જ ન સોંપાય ત્યાં સુધી વિભાગનો ચાર્જ સોંપવો.**

૭૦. પરીક્ષાના પરિણામો જાહેર થયા બાદ તેમજ પરિણામોમાં સુધારો થયા બાદ અત્રેથી અમદાવાદ ડેટા મોકલવામાં આવે છે. તથા તે મુજબ માર્કશીટ છાપી તેઓ અત્રે પહોંચાડે છે. આ પ્રક્રિયામાં વિલંબ થતો હોય છે. આ સંજોગોમાં કોરી માર્કશીટો છપાવી પરીક્ષા વિભાગ (કોમ્પ્યુટર પુલ) ખાતે જ માર્કશીટો છપાવવાનું રાખવા તથા તે અંગે જરૂરી હાર્ડવેર ખરીદવા તેમજ કોરી માર્કશીટો અંગે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છપાવવાની કામગીરી વહીવટી વિભાગને સોંપવા અંગે વિચારણા કરવા બાબત :

(પરીક્ષા વિભાગ (માર્કશીટ બ્રાન્ચ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી માર્કશીટના છાપકામ માટે ટેન્ડરીંગ કરવું.**

૭૧. ઉધના સીટીઝન કોમર્સ કોલેજ સંચાલિત કોલેજમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨–૧૩ દરમ્યાન એમ. એસસી. (કોમ્પ્યુટર એપ્લીકેશન) અભ્યાસક્રમના વિદ્યાર્થીઓની પ્રવેશ ઈન્ટેક ૪૦ હોય જે સામે ફકત ૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી ઓર્ડીનન્સ ઓ.**66(2) (C)** કોલમ (૮) ની જોગવાઈ મુજબ વિદ્યાર્થીઓ પાસે પ્રવેશની કુલ બેઠક ૪૦ના ૭૫ ટકા મીનીમમ એફીલીએશન ફી જમા કરાવવાની જોગવાઈ છે, જે અન્વયે ૩૦ વિદ્યાર્થીઓની એફીલીએશન ફી ના રૂા.૪૫,૦૦૦/– સંસ્થા ધ્વારા યુનિવર્સિટી કાર્યાલયમાં તા.૩૦–૮–૨૦૧૨ના રોજ જમા કરાવી તેમના તા.૫–૧૦–૨૦૧૨ના પત્ર ક્રમાંક ૩૪૩/ ૨૦૧૨–૧૩થી નવા કોર્ષનું પ્રથમ વર્ષ છે ત્યારે કોલેજ/ ટ્રસ્ટને મોટું આર્થિક ભારણ પડે તેમ છે. આથી કોલેજ/ ટ્રસ્ટ પ્રત્યે સહાનુભૂતિ પૂર્વક વિચારણા કરી ૭ વિદ્યાર્થીઓનીજ એફીલીએશન ફી લેવા એટલે કે ખરેખર મેળવેલ પ્રવેશની સંખ્યા મુજબ એફીલીએશન ફી લેવા વિનંતી કરેલ છે, જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને નામંજૂર કરવી.**

૭૨. **યુનિવર્સિટી દ્વારા મંજૂર કરેલ ઈનટેક (બેઠકો) પર આપવામાં આવેલ ચાલુ/ નવું જોડાણ મેળવનારી સંસ્થાઓમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીની સંખ્યા કુલ ઈનટેક કરતાં ઓછી હોઈ એટલે કે કુલ ઈનટેકના ૭૫% કરતાં ઓછી હોઈ તો કુલ ઈનટેકના ૭૫% જેટલી વિદ્યાર્થી દીઠ એફીલીયેશન ફી ભરવાની ઓર્ડિનન્સ ૬૬(૨) (બી) અને (સી)માં જોગવાઈ છે. (ઓર્ડિનન્સ ૬૬નો પાઠ આ સાથે સામેલ છે.)**

હાલ સુરત ટેકનીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર, સુરતમાં **Diploma in Mgt. and Marketing with Specialization in Textile and Allied Industries** અભ્યાસક્રમ માટે ૬૦ વિદ્યાર્થીઓનો **INTAKE** માન્ય રાખવામાં આવેલ હોઈ, વર્ષ: ૨૦૧૨ માટે ફકત ૦૬ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. તો વિદ્યાર્થી દીઠ રૂા. ૧૨૦૦/–ની એફીલીએશન ફી ભરવાની હોય તે ફી જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હોય તેટલા જ વિદ્યાર્થીઓ પાસેથી એફીલીએશન ફી વસુલ કરવામાં આવે એવી આચાર્યશ્રીએ તેમના પત્ર દ્વારા વિનંતી કરેલ, તે સંદર્ભે <u>તા. ૩૦–૮–૨૦૧૨ની કાર્યાલય નોંધ ઉપર સદર અભ્યાસક્રમ માટે ખાસ કિસ્સા તરીકે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે જ એટલે કે **(Actual Student)** પર વિદ્યાર્થી દીઠ નિયત કરેલ એફીલીએશન ફી ભરવવા અંગે મંજૂરી આપવામાં આવેલ, તે સંદભે અત્રેના તા. ૩૧–૮–૨૦૧૨ના પત્રાંક: પીજી/ એફી ૧૨–૧૩/ ૧૦૦૦૩/ ૨૦૧૨થી સંસ્થાને એકચ્યૂલય સ્ટુડન્ટ પર નિયત કરેલ વિદ્યાર્થી દીઠ એફીલીએશન ફી ભરવા જણાવવામાં આવેલ</u>.

ઉપરોકત વિગત અવલોકને લેતાં ....

(૧) કેટલીક સંસ્થાઓમાં કુલ બેઠકના ૭૫% કરતાં ઓછી બેઠકોમાં પ્રવેશ અપાયેલ હોઈ તેવી સંસ્થાઓએ કુલ બેઠકના ૭૫% બેઠકો પ્રમાણે વિદ્યાર્થી એફીલીએશન ફી ભરેલ છે. તો <u>ઉપરોકત એકચ્યુઅલ સ્ટુડન્ટ પ્રમાણે ભરાવેલ ફી મુજબ ૭૫% બેઠકો પ્રમાણે વિદ્યાર્થી એફીલીએશન ફી ભરેલ સંસ્થાઓને પણ એકચ્યૂઅલ સ્ટુડન્ટ પ્રમાણે નિયત કરેલ વિદ્યાર્થી દીઠ એફીલીએશન ફી ભરાવવી કે કેમ? તે અંગે વિચારણા કરવા બાબત</u>

અથવા

(૨) અગાઉ સિન્ડિકેટની તા. ૩–૧૨–૨૦૧૦ની સભામાં તા. ૨૯–૯/૧૩–૧૦–૨૦૧૦ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપતી વખતે થયેલ સુધારા મુજબ ઠરાવમાં જણાવેલ અભ્યાસક્રમોમાં (ઠરાવ આ સાથે સામેલ છે.) ખરેખર થયેલ પ્રવેશના આધારે વિદ્યાર્થી દીઠ એફીલીએશન ફી લેવાનું ઠરાવ્યું હોઈ, <u>તો અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓના જે તે અભ્યાસક્રમમાં એકચયુલ સ્ટુડન્ટ પ્રમાણે ફી લેવી કે નહીં તે અંગે તથા જો કોઈ કારણસર અભ્યાસક્રમમાં એક પણ વિદ્યાર્થીએ પ્રવેશ લીધો ન હોઈ, તેવા અભ્યાસક્રમોમાં પણ વિદ્યાર્થીદીઠ એફીલીએશન ફી લેવી કે નહીં? તે અંગે ઓર્ડિનન્સ ૬૬ (૨) (બી) અને (સી)ની નોંધમાં જરૂરી સુધારો વધારો કરવા વિચારણા કરવા બાબત.</u>

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને નામંજૂર કરવી.**

૭૩. શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ માટે ધી સુરત ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, સુરતની અનુસ્નાતક પી.જી. ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ એન્ડ માર્કેટીગ વીથ સ્પેશ્યાલાઈઝેશન ઈન ટેક્ષ્ટાઈલ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝના સ્વનિર્ભર અભ્યાસક્રમનું યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૭–૦૬–૨૦૧૨ના પત્રાંકઃ પીજી/ એફી. ૧૨–૧૩/ ૬૧૮૯/ ૨૦૧૨ થી પ્રવેશની યુનિવર્સિટી માન્ય બેઠકો માટે (૬૦ બેઠકો માટે) નવું જોડાણ મંજુર કરવામાં આવેલ છે. <u>સદર અભ્યાસક્રમ નવો હોઈ ફી નકકી કરવાની થતી હોઈ, ઉપરોકત સંસ્થાના આચાર્યશ્રીએ તેમના તા. ૧૨–૬–૨૦૧૨ના પત્રાંકઃ **STERS-VESU/ JUNE - 12/ 82** થી (પત્રની નકલ સામેલ છે.) પત્ર સાથે સામેલ પુસ્તીકા મુજબની પ્રપોઝડ ફી સ્ટ્રકચર મોકલેલ હોઈ (જે આ સાથે સામેલ છે.), સદર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ થી શરૂ કરવાનો હોઈ, જે અવલોકને લઈ માનનીય કુલપતિશ્રીએ સિન્ડિકેટ વતી એડહોક ધોરણે સદર ફી મંજૂર કરેલ હતી, જેની જાણ અત્રેના તા.૦૩–૦૭–૨૦૧૨ના પત્રાંકઃ પીજી/ એફી./ **STERS**/ ૭૨૪૭/ ૨૦૧૨થી સંસ્થાને કરવામાં આવેલ. જે અવલોકને લઈ સદર અભ્યાસક્રમ નવો હોઈ ફી નકકી કરવા વિચારણા કરવા બાબત.</u>

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એડહોક ફી ચાલુ રાખવી તથા ફી નિર્ધારીત માટે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) ડૉ.કિરણભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.વિનોદભાઈ પટેલ (ડી.બી.આઈ. એમ. વી. ન. દ. ગુ. યુ. સુરત.)**
**(૩) ડૉ.ધનેશભાઈ વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૭૪. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ થી એમ. એસસી. નર્સિંગ અભ્યાસક્રમ સાન્દ્ર શ્રોફ રોફેલ કોલેજ ઓફ નર્સિંગ વાપીમાં શરૂ કરવામાં આવેલ હોય જે અભ્યાસક્રમની એફીલીએશન ફી ની જોગવાઈ ઓ. ૬૬ (૨) માં ન હોય એડ હોક એફીલીએશન ફી રૂા.૧૦૦૦૦૦/– અને લેઈટ ફી રૂા.૧૦૦૦૦૦/– સંસ્થા પાસે જમા કરાવેલ છે. હાલમાં વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમની એફીલીએશન ફી આ સાથેની જોગવાઈ મુજબ લેવામાં આવતી હોય જેમાં એમ. એસસી. નર્સિંગ અભ્યાસક્રમનો સમાવેશ થતો ન હોય જે અવલોકનમાં લેતા એમ. એસસી. નર્સિંગ અભ્યાસક્રમની ફી ઓર્ડીનન્સની જોગવાઈ મુજબ નીચે દર્શાવેલ કોલમ મુજબ નિયત કરવાની હોય જે પર વિચારણા કરવા બાબત.

| Course/ Programme | Intake | Application Fee | | | Annual affiliation Charges | In case of change in Col. 3 Mini. Fees (Payable) | Permanent Affiliation |
|---|---|---|---|---|---|---|---|
| | | New Affi./Reco/ Approval | Contin. Affi / Recogni. Approval/ | Extension Affiliation | | | |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| | | | | | | | |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એડહોક ફી લેવી અને પ્રસ્તુત બાબત અન્વયે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) ડૉ.કિરણભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.વિનોદભાઈ પટેલ (ડી.બી.આઈ. એમ. વી. ન. દ. ગુ. યુ. સુરત.)**
**(૩) ડૉ.ધનેશભાઈ વૈદ્ય (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૭૫. યુનિવર્સિટી કાર્યાલય (પરીક્ષા/ પરિણામો / એકાઉન્ટસ/ મહેકમ/ પ્રવેશ પ્રક્રિયા/ એફીલીયેશન/ અનુસ્નાતક ભવનો વગેરે) ERP Solution અંતર્ગત સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝડ (ઓટોમેશન એન્ડ ડીજીટલાઈઝેશન) કરવા માટે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અન્વયે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) ડૉ.અપૂર્વભાઈદેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) ડૉ.કિરણભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) શ્રી કમલેશ યાજ્ઞિક**

**(૪) શ્રી તારક દિવાન**

૭૬. યુનિવર્સિટી સંલગ્ન નાલંદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, વડોદરામાં ચાલતાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.કોમ. અને બી. બી.એ. શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૨૦૧૪થી બંધ કરવા નાલંદા વિદ્યા પ્રતિસ્થાન, વડોદરાના પ્રમુખશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તેમના તા.૩૦–૧૦–૨૦૧૨ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અન્વયે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) મેજર ઉન્મેષ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આ .ડૉ.વિનોદભાઈ પટેલ (પી.આર.બી.આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી)**

**(૩) શ્રી શ્રીધર નિમાવત (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૭૭. યુનિવર્સિટી સંલગ્ન એમ. એસ. પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરાનું સંસ્થાની સૂચના મુજબ નીચે મુજબનું નવું નામકરણ કરવા માટે પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૭–૯ –૨૦૧૨ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

| કોલેજનું હાલનું નામ | કોલેજનું નવું નામ | સ્વનિર્ભર અભ્યાસક્રમ |
|---|---|---|
| એમ. એસ. પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરા | પાયોનિયર હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરા | હોમિયોપેથીક |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન એમ. એસ. પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, વડોદરાનું સંસ્થાની સૂચના મુજબ નીચે મુજબનું નવું નામકરણ કરવા માટે પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૨૭–૯ –૨૦૧૨ના પત્રથી કરેલ વિનંતીનો સ્વીકાર કરવો.**

૭૮. સિન્ડિકેટની તા.૨૨–૧૨–૨૦૧૨ના ઠરાવ ક્રમાંક : ૧૭થી ધી સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ,સુરત સંચાલિત સાર્વજનિક કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, સુરત બે અધ્યાપકોના પ્રશ્નો (ફરિયાદ) બાબતે (૧) ડૉ.ઘનશ્યામ ભાઈ રાવલ (૨) ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ (૩) ડૉ. વી. ડી. નાયક તથા (૪) શ્રી હેમંતભાઈ ટોપીવાળા એમ ચાર સભ્યોની તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. સદર સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિનો અહેવાલ સ્વીકારવો તથા તદ્અનુસાર પાલન કરવા સંસ્થાને જણાવવું.**

૭૯. શ્રી મણિલાલ કડકિયા કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝ, અંકલેશ્વરમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. બી. એ. અને બી. સી. એ. અંગે સ્પે. સિવિલ એપ્લીકેશન નં. ૯૭૬૨/૨૦૧૨ના સંદર્ભમાં દાખલ કરેલ લેટર પેટન્ટ અપીલ નં. ૧૦૧૪/ ૨૦૧૨ અને સિવિલ એપ્લીકેશન નં. ૯૧૯૯/ ૨૦૧૨ શ્રી મણિલાલ હરિલાલ ચેરીટેબલ ટ્રસ્ટ વિરૂઘ્ઘ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અંગે નામદાર વડી અદાલતના ઓર્ડર / હુકમમાં જણાવ્યા મુજબ જે અંગે નિર્ણય લઈ ચાર અઠવાડિયામાં અરજદારને જાણ કરવા જણાવેલ તે અંગે ઓર્ડર/ હુકમ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અન્વયે નીચે મુજબની સમિતિની નિમણૂંક કરવી.**

| | |
|---|---|
| **(૧) આ .ડૉ.વિનોદભાઈ પટેલ** | **(પી.આર.બી.આર્ટ્સ એન્ડ પી.જી.આર. કોમર્સ કોલેજ, બારડોલી)** |
| **(૨) શ્રી મેહુલભાઈ ઠાકર** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૩) આ.ડૉ.વિપીનભાઈ ડી. નાયક** | **(એસ.પી. બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, લાલબંગલા નજીક, સુરત.)** |
| **(૪)ડૉ.આર. ડી. પટેલ** | **(હેડ, આંકડાશાસ્ત્ર વિભાગ, વી. ન. દ.ગુ. યુ. સુરત.)** |
| **(૫)ડૉ.એસ. વી. પટેલ** | **(કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી. ન. દ. ગુ. યુ. સુરત.)** |

૮૦. ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, ભરૂચ સંચાલિત જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૨૦૧૩ થી કૃષિવિદ્યાશાખા ને બદલે વાણિજય વિદ્યાશાખાના વિષયો શીખવવાની મંજૂરી પ્રસ્તુત ટ્રસ્ટના મંત્રીશ્રીએ તેમના તા.૧૦–૧૦–૨૦૧૨ના પત્રાંકઃ ૭૬/૨૦૧૨ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ**

(૧) બી.એડ્. બેઝિકના બદલે સામાન્ય બી.એડ્.માં ફેરફાર કરવા અંગે તા.૨૨–૦૩–૨૦૧૨ ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભામાં નીચે મુજબ ઠરાવેલ છે.

ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, થવા સંચાલિત યુનિવર્સિટી સંલગ્ન જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવામાં હાલમાં ચાલતા કૃષિ વિદ્યાશાખાની બી.એડ.ના અભ્યાસક્રમને સામાન્ય બી.એડ.ના અભ્યાસક્રમમાં ફેરવવા પ્રસ્તુત કોલેજનાં આચાર્યશ્રીએ તેમના તા. ૧૧–૧૦–૨૦૧૧ના પત્રથી વિનંતી કરી છે. પ્રસ્તુત બાબતે આ અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૦૮–૧૧–૨૦૧૧ના પત્રાંક : એસ–એ(થવા) (બી.એડ.) (૧૧)/૧૧૬૯૩થી શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય મંગાવતા ડીનશ્રીએ પ્રવર્તમાન બી.એડ. પ્રવેશના પ્રશ્ને વિચારતા બી.આર.એસ. (બેઝિક)ના વિદ્યાર્થીઓ પ્રાપ્ત થતાં નથી તે સંદર્ભે બેઝિકને બદલે સામાન્ય બી.એડ.(કોમર્સ વિષયો)ની મંજૂરી ગાંધીનગરની મંજૂરીની અપેક્ષાએ આપી શકાય એમ જણાવેલ છે. તેના ઉપર વિચારણા કરવા બાબત.

(૨) **આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, થવા સંચાલિત યુનિવર્સિટી સંલગ્ન જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવામાં હાલમાં ચાલતા કૃષિ વિદ્યાશાખાની બી.એડ.ના અભ્યાસક્રમને સામાન્ય બી.એડ.ના અભ્યાસક્રમમાં ફેરવવા પ્રસ્તુત કોલેજનાં આચાર્યશ્રીએ તેમના તા. ૧૧–૧૦–૨૦૧૧ના પત્રથી વિનંતી કરી છે. પ્રસ્તુત બાબતે આ અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૦૮–૧૧–૨૦૧૧ના પત્રાંક : એસ–એ(થવા) (બી.એડ.) (૧૧)/ ૧૧૬૯૩થી શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય મંગાવતા ડીનશ્રીએ પ્રવર્તમાન બી.એડ. પ્રવેશના પ્રશ્ને વિચારતા બી.આર.એસ. (બેઝિક)ના વિદ્યાર્થીઓ પ્રાપ્ત થતાં નથી તે સંદર્ભે બેઝિકને બદલે સામાન્ય બી.એડ.(કોમર્સ વિષયો) રાખાવા ગુજરાત સરકારના હાયર એજયુકેશન વિભાગ<u>ની મંજૂરી તથા N.C.T.E.ની કોલેજે મંજૂરી લેવી, મંજૂરી મળ્યા બાદ પુનઃ વિચારણા માટે બાબત રજૂ કરવી.</u>**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રામ નિર્માણ કેળવણી મંડળ, ભરૂચ સંચાલિત જય જલારામ તાલીમી સ્નાતક મહાવિદ્યાલય, થવામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૨૦૧૩ થી કૃષિવિદ્યાશાખા ને બદલે વાણિજય વિદ્યાશાખાના વિષયો શીખવવાની મંજૂરી પ્રસ્તુત ટ્રસ્ટના મંત્રીશ્રીએ તેમના તા.૧૦–૧૦–૨૦૧૨ના પત્રાંકઃ ૭૬/૨૦૧૨ થી કરેલ વિનંતી નામંજૂર કરવી.**

૮૧. યુનિવર્સિટી સંલગ્ન સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ એન્ડ એમ.જી. શાહ ઈન્સ્ટિટયુટ ઓફ ગ્રેજયુએશન ઓફ મેડીકલ ટેકનોલોજી (બી.સી.એ. કોર્ષ), અમરોલીમાં કોમ્પ્યુટર સાયન્સ વિષયના વ્યાખ્યાતા (૧) **કુ. રાગીણીબેન બી. પ્રસાદ**ને આ કાર્યાલય દ્વારા તા. ૦૨–૦૭–૨૦૦૮ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/૬૯૭૩/૨૦૦૮, (૨) **શ્રી જૈમિન એચ. શુકલ**ને આ કાર્યાલય દ્વારા તા. ૧૦–૦૬–૨૦૦૮ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/૬૧૩૭/૨૦૦૮થી અને (૩) **કુ. કેજલ સી. વાડઝા**ને આ કાર્યાલય દ્વારા તા.૦૯–૦૭–૨૦૦૯ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/૬૭૧૨/૨૦૦૯, થી ૫ વર્ષમાં નેટ/ સેટ/ એમ.ફીલ./ પીએચ.ડી. પરીક્ષા સંબંધિત વિષયમાં પાસ કરવાની શરતે, શરતી માન્યતા આપવામાં આવેલ છે.

ઉપરોકત ત્રણેય વ્યાખ્યાતાઓએ નીચે મુજબ એમ.ફીલ.ની પદવીઓ મેળવેલ છે.

| **ક્રમ** | **વ્યાખ્યાતાનું નામ** | **એમ.ફીલ.ની પદવી મેળવેલ વર્ષ અને વિષય** | **યુનિવર્સિટીનું નામ** |
|---|---|---|---|
| ૧ | કુ. રાગીણીબેન બી. પ્રસાદ | મે– ૨૦૦૯ (કોમ્પ્યુટર સાયન્સ) | **THE GLOBAL OPEN UNIVERSITY-Distance Education, NAGALAND** |
| ૨ | શ્રી જૈમિન એચ. શુકલ | મે– ૨૦૦૯ (કોમ્પ્યુટર સાયન્સ) | **THE GLOBAL OPEN UNIVERSITY-Distance Education, NAGALAND** |
| ૩ | કુ. કેજલ સી. વાડઝા | ડિસેમ્બર–૨૦૦૯ (કોમ્પ્યુટર સાયન્સ) | **THE GLOBAL OPEN UNIVERSITY-Distance Education, NAGALAND** |

યુ.જી.સી.ની તા. ૨૧ મી જુલાઈ, ૨૦૦૮ ની મીટીંગમાં થયેલ નિર્ણય નીચે મુજબ છે.

**The candidates, who are already registered for M.Phil and complete the same upto 30th june, 2009, be exempted from NET for UG teaching. However, NET/SLET shall be compulsory for the candidates completing their M.Phil on or after 1st july, 2009.**

વધુમાં જણાવવાનું કે, **એકેડેમીક કાઉન્સીલ તા. ૦૯–૦૭–૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ૫૬ મુજબ ઠરાવેલ છે કે, ધ ગ્લોબલ ઓપન યુનિવર્સિટી (ડીસ્ટન્ટ એજયુકેશન), નાગાલેન્ડના ઓફ કેમ્પસમાંથી મેળવેલ એમ.ફીલ.નો અભ્યાસ કરીને આવેલ વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટી (વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત)માં ચાલતા જે તે સ્નાતક/ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં તથા એમ.ફિલ./ પીએચ.ડી.માં પ્રવેશપાત્ર ગણવા નહી.**

ઉપરોકત ત્રણેય વ્યાખ્યાતાઓના પત્ર, યુ.જી.સી.નો નિર્ણય તથા એકેડેમીક કાઉન્સીલના ઠરાવને અવલોકનમાં લઈ ઉપરોકત ત્રણેય વ્યાખ્યાતાઓની શરતી માન્યતા સંદર્ભે એમ.ફીલ.ની ડિગ્રી માન્ય ગણવી કે કેમ ? તે બાબતે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ડિસ્ટન્સ એજયુકેશન, થ્રુ મેળવેલ એમ.ફીલ.ની પદવી માન્ય રાખવી કે નહિ તે બાબતે યુ.જી.સી.ને પુછાવવુ અને યુ.જી.સી.ના નિયમો મુજબ ઘટતુ કરવું.**

**વધુમાં NISO દ્વારા ધો–૧૨ પાસ કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને અંકલેશ્વરની કડકીયા કોલેજમાં પ્રવેશો આપેલ છે કે કેમ તેની તપાસ કરવી.**

૮૨. પ્રોગ્રામ કમિટીની તા.૨૯/૬/૧૨ અને બોર્ડ ઓફ ફિઝીકલ એજ્યુકેશન અને રિક્રિએશનની તા.૦૯/૦૭/ ૨૦૧૨ સભાના ઠરાવ નં. ૪ થી ૪૦માં યુવક ખેલકૂદ રમતોત્સવનું આયોજન એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચનું મંજૂર કરવામાં આવ્યું છે. પ્રસ્તુત મહોત્સવના આયોજન માટે જરૂરી એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચે તૈયાર કરેલ સંભવિત બજેટ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મહોત્સવના આયોજન માટે જરૂરી એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચે તૈયાર કરેલ સંભવિત બજેટ પરિશિષ્ટ : " ઝ " માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવું.**

**(પરિશિષ્ટ : " ઝ ")**

૮૩. ધી સુરત ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સુરતને ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩થી Post Graduate Diploma Course in Management & Marketing with specialisation in Textile & allied Industries અનુસ્નાતક અભ્યાસક્રમના જોડાણ સંદર્ભમાં યુ. જી. સી. ગાઈડ લાઈન મુજબની શરતો સંદર્ભમાં સંસ્થા ધ્વારા તેના તા.૨–૪–૨૦૧૨ના પત્રથી રજૂઆત કરી જમીનની શરત તેમજ ડિપોઝીય ખુબજ વધારે હોય તેના અમલ કરવા બાબતે પુનઃ વિચારણા કરવા વિનંતી કરેલ છે જે પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુ બાબત નામંજૂર કરવી.**

૮૪. સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીચર્સની વિદ્યાર્થીની વખારીયા હિમાદ્રી મહેશભાઈ (S.Y.M.B.B.S, February-2011, Exam Seat No.0263) એ સજાના સમયગાળા દરમ્યાન ભરેલ સત્રો તથા આપેલ પરીક્ષાઓ બાબતે સદર કોલેજના ખુલાસા તથા આ અંગે માનનીય કુલપતિશ્રીએ નીમેલ સમિતીના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (મેડીકલ))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે ચોરી કરતા પકડાયા પછીના તમામ પરીક્ષાના પરિણામો રદ કરવા.**

૮૫. યુનિવર્સિટી સંલગ્ન ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના અધ્યાપકો (૧) શ્રી સુરેન્દ્રસિંહ પ્રવિણસિંહ રાણા (૨) શ્રી મૈસુરીયા વિશાલકુમાર અને (૩) નીતાબેન વી. ચૌધરીને સંસ્થામાંથી પગાર ચૂકવણી કરવા આ કાર્યાલયના તા. ૨૨–૧૧–૨૦૧૧ ના પત્ર, સિન્ડિકેટની તા.૧૨/૧૫–૦૭–૨૦૧૧ સભાએ ઠરાવ નં. ૧૩૬ થી "જો સંસ્થા યુનિવર્સિટીના ઉપરોકત આદેશનું પાલન ન કરે તો સદર અધ્યાપકોને પગાર યુનિવર્સિટીને જમા કરાવેલ ડિપોઝીટમાંથી કરવો." જેનો સંસ્થા દ્વારા અમલ ન થતા સિન્ડિકેટના ઠરાવ મુજબ સદર સંસ્થાએ જમા કરાવેલ ડિપોઝીટ (એફ.ડી.)માંથી ઉપરોકત અધ્યાપકોનો બાકી પગાર તાકીદે કરવા તા.૧૩–૦૧–૨૦૧૨ ના રોજ સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગ મિરઝાએ અત્રે લખેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર મેટર સબજયુડિશિયલ હોવાથી હાલ કશુ કરવું નહી.**

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૮૬. શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ માટે ધી સુરત ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી, સુરતની અનુસ્નાતક પી.જી. ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ એન્ડ માર્કેટીંગ વીથ સ્પેશ્યાલાઈઝેશન ઈન ટેક્ષ્ટાઈલ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રીઝના સ્વનિર્ભર અભ્યાસક્રમનું યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૭–૦૬–૨૦૧૨ના પત્રાંકઃ પીજી/ એફી. ૧૨–૧૩/ ૬૧૮૯/ ૨૦૧૨ થી પ્રવેશની યુનિવર્સિટી માન્ય બેઠકો માટે (૬૦ બેઠકો માટે) નવું જોડાણ મંજુર કરવામાં આવેલ છે.

**<u>સદર અભ્યાસક્રમ નવો હોઈ ફી નકકી કરવાની થતી હોઈ, ઉપરોકત સંસ્થાના આચાર્યશ્રીએ તેમના તા.૧૨–૬–૨૦૧૨ના પત્રાંકઃ STERS-VESU/ JUNE - 12/ 82 થી (પત્રની નકલ સામેલ છે.) પત્ર સાથે સામેલ પુસ્તીકા મુજબની પ્રપોઝડ ફી સ્ટ્રકચર મોકલેલ હોઈ, સદર અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ થી શરૂ કરવાનો હોઈ, જે અવલોકને લઈ માનનીય કુલપતિશ્રીએ સિન્ડિકેટ વતી એડહોક ધોરણે સદર ફી મંજૂર કરેલ હોઈ, જે અવલોકને લઈ માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા સારૂ.</u>**

(અનુસ્નાતક)

**:: સદર બાબતની નોંધ લીધી.**

૮૭. યુનિવર્સિટીના વિવિધ વિભાગોના તથા અનુસ્નાતક વિભાગો માટે કોમ્પ્યુટર, ગ્રાફીકસ કાર્ડ તેમજ સર્વર ખરીદવા અંગે વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટીસ આપી મંગાવેલ ટેન્ડરો અન્વયે સિન્ડિકેટે તેની તા.૨૨–૧૨–૨૦૧૧/૯–૨–૨૦૧૧ ની સભાના ઠરાવ ક્રમાંક ૬૮ થી ઠરાવ્યાનુંસાર ઇનોવેટીવ ટેલિકોમ એન્ડ સોફ્ટવેર્સ પ્રા. લિ. પાસેથી કાર્યાલયના ક્રમાંક :જન/સ્ટોર્સ/૩૬૨/૨૦૧૨ તા.૯/૧/૨૦૧૨ થી કોમ્પ્યુટર અને ગ્રાફીકસ કાર્ડ તથા ક્રમાંક :જન/સ્ટોર્સ/૧૮૧૦/૨૦૧૨ તા.૧૬/૨/૨૦૧૨ થી સર્વરના ઓર્ડર આપી ખરીદવામાં આવેલ. જે અંતર્ગત સેલ્ફ ફાઈનાન્સ ફાઈન આર્ટસ એન્ડ ઈન્ટિરીયર ડીઝાઈન અભ્યાસક્રમ તેમજ યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલયના માટે કોમ્પ્યુટર, ગ્રાફીકસ કાર્ડ અને સર્વર ઈનોવેટીવ ટેલિકોમ એન્ડ સોફ્ટવેર્સ પ્રા. લિ., સુરત પાસેથી તેજ ભાવે અને શરતે રીપીટ ઓર્ડરથી ખરીદવા અંગે મા.કુલપિતશ્રીએ લીધેલ પગલાની નોંધ લેવા બાબત.

| ક્રમ | વિભાગનુ નામ | મોડલની સંખ્યા | મોડલ નંબર | કુલ રકમ | ફંડ અંગેની માહિતી |
|---|---|---|---|---|---|
| ૧ | યુનિવર્સિટી ગ્રંથાલય | કોમ્પ્યુટર ૧૦ | DESKTOP COMPUTER LENOVO THINK CENTRE-M71e | રૂા.2,60,000/- | University General Fund |
| 2 | ફાઈન આર્ટસ એન્ડ ઈન્ટિરીયર ડિઝાઈન | કોમ્પ્યુટર ૨૦ | DESKTOP COMPUTER LENOVO THINK CENTRE-M71e | રૂા.5,20,000/- | Self Finance Fund |
| | | ગ્રાફીકસ કાર્ડ ૪૦ | Graphic Cards Galaxy India Chipset N520 | રૂા.1,16,000/- | Self Finance Fund |
| | | સર્વર ૧ | IBM X3650 M3 SERVER (ITEM NO. 5) | રૂા.1,24,730/- | Self Finance Fund |
| | કુલ ખર્ચ | | | રૂા.10,20,730/- | |

(વહીવટી)

**:: સદર બાબતની નોંધ લીધી.**

૮૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતે શ્રી પંકજભાઈ પટેલ તરફથી ૧૮ નંગ બાકડા સપ્લાય કરી આપવામાં આવેલ છે. જેની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૮૯. યુનિવર્સિટી કેમ્પસ ખાતે બિકાનેર જૈન સમાજ તરફથી ૧૦૦ નંગ બાકડા સપ્લાય કરી આપવામાં આવેલ છે. જેની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૯૦. યુનિવર્સિટી કેમ્પસ ખાતે શ્રી અશોકભાઈ કાનુંગો તરફથી મળેલ રૂા.૨૫ લાખના દાનની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૯૧. ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટના પ્રોફેસર અને હેડ ડૉ.કિરણભાઈ એમ. પંડયાના તા.૨૫–૭–૨૦૧૨ના પત્ર મુજબ ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ખાતે સ્ટેટીસ્ટીકલ પેકેજ ફોર ધ સોશ્યલ સાયન્સીસ **(SPSS)** ના ત્રણ મહિનાનો સર્ટિફીકેટ કોર્ષ શરૂ કરવા અંગે પરવાનગી આપવા કરેલ વિનંતી અન્વયે અત્રેના તા.૨૯–૧૨–૨૦૦૭ના પરિપત્ર ક્રમાંકઃ પીજી/ સ્વનિર્ભર/ ૧૫૦૧૧/ ૨૦૦૭ માં જણાવ્યાનુસારના સિન્ડિકેટે, તા.૧૩–૧૨–૨૦૦૭ના ઠરાવ ક્રમાંકઃ ૩૮ અન્વયે શૈક્ષણિક વર્ષઃ ૨૦૦૭–૦૮થી મંજૂર કરેલ નવા નિયમો અનુસાર ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ ખાતે સ્ટેટીસ્ટીકલ પેકેજ ફોર ધ સોશ્યલ સાયન્સીસ **(SPSS)**ના ત્રણ મહિનાનો સર્ટિફીકેટ કોર્ષ શરૂ કરવા સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ હોઈ, જે અન્વયે **માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.**

(અનુસ્નાતક)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૯૨. ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતમાં ચાલતા **M.Ch. (Plastic & reconstructive Surgery)** **<u>અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ના પ્રવેશની કામગીરી</u>** સંદર્ભમાં ડીનશ્રી ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતના તા. ૦૭–૦૫–૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ **MCS/ STU/ 10393-94/ 2012**, તા. ૧૪–૬–૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ **MCS/ STU/ 13499-500/ 2012** અને તા. ૧૯–૬–૨૦૧૨ના પત્ર ક્રમાંકઃ **MCS/ STU/ 13917-18/ 2012** અવલોકને લઈ **M.Ch. (Plastic & reconstructive Surgery)** **<u>અભ્યાસક્રમ માટે દૈનિક પત્રમાં જાહેરાત તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.vnsgu.ac.in પર જાહેરાત તથા તે અંગેના જરૂરી ફોર્મ તથા માહિતી મૂકવામાં આવેલ હતા. સદર અભ્યાસક્રમની પ્રવેશની એન્ટ્રન્સ પરીક્ષા અંગે ફોર્મ ભરવા માટેની છેલ્લી તારીખ ૧૮–૭–૨૦૧૨ રાખવામાં આવેલ હતી. જે અન્વયે સદર છેલ્લી તારીખ સુધી એક પણ ફોર્મ અત્રેના કાર્યાલયને પ્રાપ્ત થયેલ ન હોઈ,</u>** છેલ્લા ત્રણ વર્ષથી સદર અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીએ ખૂબ પ્રયત્નો કર્યા, આશરે ૮ લાખની આસપાસ ખર્ચ થવા છતાં એક પણ વિદ્યાર્થી ન મળતા અને હાલમાં એક પણ વિદ્યાર્થી અભ્યાસ ન કરતા હોય, માનનીય કુલપતિશ્રીએ સદર અભ્યાસક્રમ બંધ કરવાનો નિર્ણય લીધેલ હોઈ, જે અન્વયે **<u>માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.</u>**

(અનુસ્નાતક)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૯૩. સાર્વજનિક મેડીકલ ટ્રસ્ટ, સુરતના ઓન. સેક્રેટરીશ્રીના તા.૨૮–૪–૨૦૧૨ના પત્રાંકઃ **SMT/ 12-13/ 64** થી સાર્વજનિક કોલેજ ઓફ ફીઝીયોથેરાપીમાં એમ.પી.ટી.ની બેઠક સંખ્યા વધારવા કરેલ વિનંતી તથા સંયુકત સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૬–૬–૨૦૧૨ના પત્રાંકઃ એમસીજી/ ૧૦૧૧/ એસએફએસ–૧૧૨/ જ થી સંસ્થાને આપેલ "ના વાંધા પ્રમાણપત્ર" ને અવલોકને લઈ **સાર્વજનિક ફિઝીયોથેરાપી કોલેજ, સુરતને શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૨–૧૩ ના વર્ષ માટે એમ.પી.ટી. અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમની વધુ ૦૨ બેઠકો (૦૧ ઓર્થો અને ૦૧ સ્પોર્ટસ) મળી કુલ ૦૬ બેઠકો ફાળવવા સિન્ડિકેટ વતી માનનીય કુલપતિશ્રીએ મંજૂરી આપેલ હોઈ, વર્ષઃ ૨૦૧૨–૧૩ના વર્ષ માટે એમ.પી.ટી. અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમમાં કુલ ૦૬ (૦૩ ઓર્થો અને ૦૩ સ્પોર્ટસ) બેઠકો ફાળવવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા લેવાયેલ પગલાંની નોંધ લેવા બાબત.**

(અનુસ્નાતક)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૯૪. ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ, જાહેરનામું, સચિવાલય, ગાંધીનગર ૧૮ ડીસેમ્બર, ૨૦૧૨ના ક્રમાંક : ગસ–૨૦૧૨–૨૭ – જસર –૧૦૨૦૧૨ –૧૦૩–ઘ, ના પત્રના પાર્ટ–૧માં સને – ૨૦૧૩ના વર્ષ દરમ્યાન જાહેર રજા તરીકે **(Public Holidays)** તેમજ પાર્ટ – ૨માં સને ૨૦૧૩ના વર્ષ દરમ્યાન સરકારી કર્મચારીઓ માટે માન્ય કરેલી મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** જાહેર કરી છે. પ્રસ્તુત જાહેર રજાઓ **(Public Holidays)** અને મરજીયાત રજાઓ **(Optional Holidays for Government Employees)** યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજોના કર્મચારીઓને લાગુ પાડવા માટે અંગેના માનનીય કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત......

(વહીવટી)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૯૫. શ્રી નિમાવત શ્રીધર આર. તથા અન્ય સેનેટ/ સિન્ડિકેટ સભ્યશ્રીના તા.૨૩/૧૨/૨૦૧૨ના પત્ર પર વિચારણા કરવા અંગે.

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોર્ટમાં સમાધાન કરવું અને ફરિયાદ પરત ખેંચવાની કાર્યવાહી સમાધાન થકી કરવી.**

૯૬. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં ફરજ બજાવતાં ડૉ.વિપુલ સોમાણી (હાલ ફરજ મોકુફ) સામે NGP પ્રોજેકટમાંથી નાણાં ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૧/ ૦૯/ ૨૦૧૧ની સભાનાં ઠરાવ ક્રમાંક ૧૧૧ અન્વયે ખાતાકીય તપાસ સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી. જે તપાસ સમિતિએ તા.૨૨/૧૧/ ૨૦૧૨થી યુનિવર્સિટી ખાતે તપાસ સમિતિનો અહેવાલ રજૂ કરેલ છે, જે તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ મુલતવી રાખવી.**

૯૭. મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં ફરજ બજાવતાં ડૉ.વિપુલ સોમાણી (હાલ ફરજ મોકુફ) સામે NGP પ્રોજેકટમાંથી નાણાં ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૧/૦૯/૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક ૧૧૧ અન્વયે ખાતાકીય તપાસ સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી. સિન્ડિકેટનો ઠરાવ નીચે મુજબ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગમાં ફરજ બજાવતાં શ્રી વિપુલભાઇ સોમાણી (હાલ ફરજ મોકૂફ) સામે નિર્મળ ગ્રામ પુરસ્કાર (**NGP**) પ્રોજેકટમાંથી નાણાં ઉચાપતના સંદર્ભમાં સિન્ડિકેટની તા.૮-૪-૨૦૧૦ના ઠરાવ ક્રમાંક ૪૯ થી નીમેલ એડવોકેટ રઘુવંશી, એડવોકેટશ્રી હેમંતભાઇ દેસાઇ, આ.ડૉ.યુ.ટી. દેસાઇની ખાતાકિય તપાસ સમિતિ પર નીચે મુજબના વધુ બે સભ્યોની નિમણૂંક કરવી.

(૧) આ. ડૉ. વિક્રમભાઇ દેસાઇ (સિન્ડિકેટ સભ્યશ્રી)

(૧) આ. ડૉ. જે. ટી. દેસાઇ (શાહ કે. એમ. લો કોલેજ, વલસાડ)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી વિપુલભાઇ સોમાણી (હાલ ફરજ મોકૂફ) સામે બાગકામના નામે કરવામાં આવેલ નાણાંકીય ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં તેમની સામે તહોમતનામુ ફરમાવી ઉપરોકત સભ્યોની જ તપાસ સમિતિ નીમવી."

સિન્ડિકેટના ઉપરોકત ઠરાવ અંતર્ગત ડૉ.સોમાણી સામે બાગકામના નામે કરવામાં આવેલ નાણાકીય ઉચાપતની ફરીયાદના સંદર્ભમાં તેમને ફરમાવવાનું તહોમતનામું તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત હાલ મુલતવી રાખવી.**

૯૮. યુનિવર્સિટી કેમ્પસ ખાતે Construction of Library at Girls Hostel માટે મળેલ ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. બાલાજી બિલ્ડકોન, સુરતનું કુલ રૂા.૨૬,૯૧,૩૨૦.૯૮ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે** Construction of Library at Girls Hostel **માટે મળેલ ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. બાલાજી બિલ્ડકોન, સુરતનું કુલ રૂા.૨૬,૯૧,૩૨૦.૯૮ પૈસાનું ટેન્ડર મંજૂર કરવું.**

૯૯. યુનિવર્સિટી કેમ્પસ ખાતે Construction of Assessment Centre માટે મળેલ ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. અશ્વિનભાઈ આનંદભાઈ બામ્ભરોલીયા, સુરતનું કુલ રૂા.ર,૧૪,૩૭,૯૯ર.૯૪ પૈસાનું ટેન્ડર મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે Construction of Assessment Centre માટે મળેલ ઇ–ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર કોન્ટ્રાકટર મે. અશ્વિનભાઈ આનંદભાઈ બામ્ભરોલીયા, સુરતનું કુલ રૂા.ર,૧૪,૩૭, ૯૯ર.૯૪ પૈસાનું ટેન્ડર મંજૂર કરવું.**

૧૦૦. શ્રી કૈલાશ જૈન, ચેરમેન એસ. ડી. જે. ઈન્ટરનેશનલ કોલેજ, સુરતે તેમના તા.ર૪/૧ર/ર૦૧રના પત્રથી શૈક્ષણિક તેમજ તેને સંલગ્ન પ્રવૃત્તિઓ અંગે યુનિવર્સિટીને રૂા.૧૧,૦૦,૦૦૦/– નું ડોનેશન આપવાની ઈચ્છા દર્શાવી છે. જે બાબતે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી કૈલાશ જૈન, ચેરમેન એસ. ડી. જે. ઈન્ટરનેશનલ કોલેજ, સુરતે તેમના તા.ર૪/૧ર/ર૦૧રના પત્રથી શૈક્ષણિક તેમજ તેને સંલગ્ન પ્રવૃત્તિઓ અંગે યુનિવર્સિટીને રૂા.૧૧,૦૦,૦૦૦/– નું ડોનેશન આપવાની ઈચ્છા દર્શાવી છે જેનો સ્વીકાર કરવો.**

૧૦૧. શ્રી ભરત ભૂષણ આર. જૈન તથા તેમના ભાઈઓ તરફથી તેમના સ્વ. પિતાશ્રી તથા માતૃશ્રીની યાદગીરીમાં યુનિવર્સિટીને રૂા.ર૫,૦૦,૦૦૦/– દાન આપવા અંગે પત્ર દ્વારા ઈચ્છા વ્યકત કરેલ છે. તો સદર દાન સ્વીકારવા તથા કયા કાર્ય માટે દાનનો ઉપયોગ કરવો તે અંગે વિચારણા કરવા બાબત...

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દાનનો સ્વીકાર કરવો તથા માનનીય કુલપતિશ્રીને સદર રકમનો ઉપયોગ કયાં કરવો તેની સત્તા આપવી.**

૧૦૨. એલ. એમ. કોલેજ ઓફ ફાર્મસીના ર્ડા. મહેશ ટી. છાબરીયાના માર્ગદર્શન હેઠળ ફાર્મસી વિષયમાં પીએચ.ડી. સંશોધન અભ્યાસમાં તા.૨૩–૦૮–૨૦૦૭ના રોજ નોંધણી કરાવનાર જલપન કાંતિલાલ જોશીની તા.૨૪/૧૧/૨૦૧૨ ની અરજી પર વિચારણા કરવા બાબત.

**કાર્યાલય નોંધઃ–**

(૧) અરજદારે નોંધણી કરાવ્યેથી ચાર ટર્મની ફી ભરેલ છે.ત્યાર બાદની ટર્મની ફી ભરેલ નથી.

(૨) નોંધણી તા. ૨૩/૦૮/૨૦૦૭ થી લક્ષમાં લઈએ તો પીએચ.ડી. સંશોધન અભ્યાસ તા. ૨૩/૦૮/૨૦૧૧સુધીમાં પીએચ.ડી. નિયમ ૨૦ મુજબ નોંધણી થયેથી ચાર વર્ષમાં અને પીએચ.ડી. નિયમ ૨૦(૧)ની જોગવાઈ મુજબ માનનીય કુલપતિશ્રી મંજૂરી આપે તો વધુ Year to Year (Two Year) Extention સાથે ૬ (છ) વર્ષમાં થીસીસ સબમીટ કરાવવાની રહે છે. (ધ્વજ–અ)

(૩) અરજદાર ધ્વારા તેમની અરજીમાં જણાવ્યા મુજબ અંગત કારણોસર તેઓ પોતાનું પીએચ.ડી.નું સંશોધન કાર્ય ચાલુ રાખી શકેલ ન હતાં પરંતુ હવે તેઓ ધ્વારા પીએચ.ડી. સંશોધન કાર્ય પૂર્ણ કરવા માટે જરૂરી સમય મર્યાદા વધારી આપવા ભરવાની થતી ટર્મ ફી સાથે લેઈટ ફી ભરવાની તૈયારી સાથે વિનંતી કરવામાં આવેલ છે.

(૪) સિન્ડિકેટ ધ્વારા તેની તા. ૯/૦૬/૨૦૦૯ ના રોજ મળેલ સભાએ તેના ઠરાવક્રમાંક (૧૧) થી તૃપ્તી અલમોરાની નોંધણી કેસમાં સંશોધનનો સમયગાળો નિયત છ વર્ષ બાદ (૨) ટર્મ –૧ વર્ષ લંબાવી આપવા ઠરાવેલ જે સંદર્ભમાં તેઓ પાસે શિક્ષણ લવાજમ લેઈટ ફી સહિત જમા કરાવેલ હોય જે મુજબની ફી જલપન કાંતિલાલ જોશી પાસે લઈ સીનોપ્સીસ તથા થીસીસ તા. ૨૩–૦૮–૨૦૧૩ સુધીમાં જમા કરાવવા જણાવીએ.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તારીખથી એક વર્ષની મુદતનો વધારો આપવો.**

૧૦૩. શૈક્ષણિક વર્ષ : ૨૦૧૩–૧૪ના મેડીકલ પ્રવેશ અંગે તા.૨૪/૧૨/૨૦૧૨ના રોજ સમિતિની સભા મળી હતી જેમાં સમિતિએ નીચે મુજબ ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

**(1)** મેડીકલ કાઉન્સેલીંગ ઓફ ઈન્ડિયાના તા. ૨૧–૧૨–૨૦૧૦ના જાહેરનામાં નં. એમ.સી.આઈ.૧૮(૧)/૨૦૧૦–મેડી/૪૯૦૭૦.

**(2)** મેડીકલ કાઉન્સેલીંગ ઓફ ઈન્ડિયાના તા. ૧૫–૦૨–૨૦૧૨ના જાહેરનામાં નં. એમ.સી.આઈ.૧૮(૧)/૨૦૧૦–મેડી/૬૨૦૫૨.

**(3)** સુપ્રિમ કોર્ટના ૧૩ ડિસેમ્બર ૨૦૧૨ના વચગાળાના ચૂકાદા.

**(4)** મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન રેગ્યુલેશન, ૨૦૦૦.

**(5)** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રૂલ્સ ગર્વનિંગ પી.જી. એડમીશન અંડર મેડીસીન ફેકલ્ટી.

પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આ સમિતિ યુનિવર્સિટી ધ્વારા તબીબી અનુસ્નાતક બેઠકો પર ફકત નેશનલ એલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ–પી.જી.ના મેરીટ મુજબ જે તે કેટેગરીનું મેરીટ લિસ્ટ બનાવી પ્રવેશ આપવા ભલામણ કરે છે.

સમિતિ સુપ્રિમ કોર્ટના આ અંગેના ચૂકાદા બાદ ફરી મળવાનું ઠરાવે છે.

વધુમાં કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ની કચેરી ગાંધીનગર તા.૧૩/૧૨/૨૦૧૨ના પરિપત્રમાં જણાવ્યા પ્રમાણેની રાજય સરકાર હસ્તકની હોસ્પિટલોમાં નિષ્ણાંત તબીબોની અછતને નિવારવાનાં હેતુસર પી.જી. અભ્યાસક્રમ (૧)પેડીયાટ્રીક, (૨)ટી.બી. ચેસ્ટ, (૩)ઓ. એન્ડ જી., (૪)એનેસ્થેટીસ્ટ, (૫)પ્રીવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડેસીન એમ કુલ – ૫ વિષયમાં ૨૫% બેઠકો અનામત રાખવા અને પસંદગીના ધોરણે પ્રવેશ આપવા ઠરાવેલ છે. પરિપત્ર આ સાથે સામેલ છે. જે અવલોકને લેવા વિનંતી.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સમિતિનો અહેવાલ તથા રાજય સરકારશ્રીના પત્રનો સ્વીકાર કરવો, NEETની પરીક્ષા મુજબ પ્રવેશો કરવા એડમીશન ફોર્મ યુનિવર્સિટી કક્ષાએ ભરાવવા.**

૧૦૪. યુનિવર્સિટી સંલગ્ન એસ. બી. ગાર્ડા કોલેજ આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીના છેલ્લા ઘણા વર્ષોથી અધ્યાપકો, કર્મચારીગણ તેમજ વિદ્યાર્થીઓના અનેક પ્રશ્નો છે. સદર બાબતે તપાસ પણ કરવામાં આવી હતી અને કોલેજના આચાર્ય તથા સંચાલક મંડળ યુનિવર્સિટી/ સરકારશ્રીના આદેશોનુ પણ પાલન કરતા નથી તેથી કોલેજના અધ્યાપકોએ સામુહિક સહીથી તા.૨૭–૧૨–૨૦૧૨ના રોજ બાબત સિન્ડિકેટમાં મુકવા કરેલ લેખિત વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સોરાબજી બરજોરજી ગાર્ડા કોલેજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત એસ. બી. ગાર્ડા કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ તથા બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટયુટ ઓફ નવસારી અને ડી. ડી લો કોલેજ નવસારીનો વહીવટ છેલ્લા ઘણા વર્ષોથી નિયમાનુસાર ચાલતો ન હોય તે અંગે વારંવારની ફરીયાદો અધ્યાપકો, બિન શૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ તથા શહેરના પ્રબૃધ્ધ નાગરીકો દ્વારા પણ કરવામાં આવી હતી.**

**આ ટ્રસ્ટ સંચાલિત ઉપરોકત ત્રણે કોલેજોમાં યુનિવર્સિટીના ઓર્ડિનન્સની જોગવાઈ મુજબ છેલ્લા ૧૦ કરતા વધારે વર્ષોથી આચાર્યની જગ્યાઓ ભરવામાં આવતી નથી. આ બાબતે વારંવાર સુચના આપવા છતા રાજય સરકારશ્રી પાસે NOC માંગવામાં આવતુ નથી જયારે સરકારશ્રી દ્વારા NOC આપવામાં આવ્યુ અને નામદાર ગુજરાત સરકારે આચાર્યોની ભરતી પ્રક્રિયા શરૂ કરી અને યુનિવર્સિટી ખાતે આચાર્ય પસંદગી કાર્યવાહીની તારીખ નકકી કરી તે દિવસે યુનિ. ની સિલેકશન કમિટિ, સરકારશ્રીના પ્રતિનિધિ તથા સંભવિત ઉમેદવારો પણ હાજર રહ્યા હતા પરંતુ ઉપરોકત ટ્રસ્ટ હેઠળની ત્રણે કોલેજના મેનેજમેન્ટના કોઈ પ્રતિનિધિ પણ હાજર ન રહ્યા અને આમ ભરતી પ્રક્રિયામાં ભાગ લીધો નહીં. ટ્રસ્ટે પોતે પણ તમામ કોલેજોમા આચાર્ય કે જરૂરીયાત પ્રમાણે શૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયામાં માટે આટલા વર્ષે કોઈ કાર્યવાહી કરી નથી અને આ ત્રણે કોલેજો ઈન્ચાર્જ આચાર્ય વડે વર્ષોથી ચાલે છે તેમ કરી કાયમી જોડાણની મહત્વની જોગવાઈનો ભંગ કરી રહેલ છે.**

(૧) **એસ. બી. ગાર્ડા આર્ટસ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સમાં શ્રી સબાવાલા ડોનર ટ્રસ્ટીશ્રી તરીકે ઓળખ આપે છે અને સરકારશ્રી તથા યુનિવર્સિટીમાં પત્રવ્યવહાર કરે છે. તેઓને વારંવાર જણાવ્યા છતાં તેઓ કાયદેસર રીતે નિમાયેલા ટ્રસ્ટીઓના દસ્તાવેજો રજુ કરી શકયા નથી. ચેરીટી કમિશન કાર્યાલય માંથી RTI હેઠળ જે માહિતી મળી છે તેમા તેઓ કાયદેસર નિમાયેલા ટ્રસ્ટી છે તેમાં તેવુ પુરવાર થતુ નથી. તેઓશ્રી મુખ્ય ટ્રસ્ટી નથી, આમ Unauthorised વ્યકિત દ્વારા સમગ્ર વહીવટ કરીને યુનિવર્સિટીના એકટનો પણ ભંગ કરી રહેલ છે.**

(૨) **એસ. બી. ગાર્ડા આર્ટસ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સમાં રેગ્યુલર અધ્યાપકોને યુનિવર્સિટી કે સરકારશ્રીના પૂર્વ મંજૂરી વગર મનફાવે તે રીતે છૂટા કરવામાં આવે છે તથા તેઓનો પગાર અટકાવવાનો આપખુદ નિર્ણય લે છે સરકારશ્રી યુનિવર્સિટીનો સરપ્લસ અધ્યાપકોને રક્ષણ આપવાનો તથા પગાર ન અટકાવવાનો પરિપત્ર હોવા છતાં તેઓનો પગાર મેનેજમેન્ટ તરફથી અટકાવવાની કાર્યવાહી કરી તેઓને તથા તેમના કુટુંબને માનસિક યાતના ભોગવવી પડે એવી સ્થિતિમાં મૂકે છે. આમ ગેરકાયદેસર રીતે સરપ્લસ કરેલા અધ્યાપકો બાબતે યુનિ.એ નિમેલ કમિટિના તમામ રીપોર્ટમાં તેઓના વર્કલોડ હોવા છતાં તેઓને વર્કલોડ આપવા જણાવવા છતાં તેનો અમલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતો નથી.**

(૩) **વધુમાં આવા અધ્યાપકોને મસ્ટરમાં સહી કરતા પણ રોકવામાં આવે છે અને યુનિ. તરફથી તેઓને તેમ ન કરવાના આદેશની ધરાર અવગણના કરે છે.**

(૪) **ઉપરોકત કોલેજના હિસાબો છેલ્લા ૧૦ વર્ષ કરતા વધારે વર્ષોથી ઓડીટ થયા નથી. આ બાબતે યુનિવસિટી દ્વારા નિમાયેલી સમિતિઓ દ્વારા આદેશ કરવા છતાં અને યુનિવર્સિટી દ્વારા જણાવવા છતાં તેનું પાલન કરવામાં આવતું નથી.**

(૫) કોલેજના નિવૃત્ત થયેલ અધ્યાપકોના પી.એફ. કે પેન્શન વગેરેના પત્ર વ્યવહારો પર મેનેજમેન્ટ તરફથી સહીઓ કરવામાં આવતી નથી તથા તેઓને વારંવાર તકલીફમાં મુકવામાં આવે છે તે અંગેની તમામ ફરીયાદો સરકાર તથા યુનિવર્સિટીને કરેલ છે અને તે તપાસ સમિતિમાં પુરવાર થઈ છે. છતાં સ્ટાફના પી.એફ.,પેન્શનની કાર્યવાહી પુરી કરવામાં આવી નથી.

(૬) કોલેજના બિનશૈક્ષણિક સ્ટાફને સરકારશ્રીના નિયમ મુજબ બઢતીઓ આપવાની હોય છે અને તે અંગેની તમામ પ્રક્રિયા તમામ કોલેજોની સરકારશ્રી તરફથી કરવામાં આવેલુ કહેવામાં હોવા છતાં આ ટ્રસ્ટ સંચાલિત કોલેજોએ કોઈ કાર્યવાહી કરી નથી આમ આવા કર્મચારીઓ બઢતીના લાભોથી વંચિત રહ્યા છે.

(૭) યુનિવર્સિટીના નિયમ મુજબ વિદ્યાર્થી કાઉન્સિલની ચુંટણી વર્ષોથી થતી નથી તથા તેનો હિસાબો પણ ઓડીટ કરાવી તે જાહેર કરતા નથી તથા આ અંગે વિદ્યાર્થીઓ તરફથી વારંવાર રજૂઆતો કરવા છતા તેઓને સહકાર આપવામાં આવતો નથી અને તે અંગેનો કોઈ ખુલાસો સંસ્થા દ્વારા કરવામાં આવતો નથી.

(૮) આ ટ્રસ્ટ સંચાલિત લો કોલેજમાં પણ છેલ્લા ઘણા વર્ષોથી આચાર્ય તથા પૂર્ણ સમયના અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવતી નથી અને તેઓને વારંવાર જણવવા છતા એમના તાં શૈક્ષણિક કાર્ય કરવા યુનિવર્સિટીના નિયમ મુજબ નિમાયેલ ટીચરોની વિગતો યુનિ. ને વારંવાર જણાવવા છતાં પૂરી પાડવામાં આવતી નથી.

(૯) યુનિવર્સિટી દ્વારા નિમાતી વિવિધ તપાસ સમિતિઓને પણ પુરતો સહકાર અપાતો નથી.

(૧૦) કોલેજોમાં વિષયવાર નિમાયેલા અધ્યાપકો માટે પરીક્ષાનું કાર્ય કરાવાનું હોવા છતાં એડહોક (Non granted) અધ્યાપકોને રાખી પરીક્ષાનું કાર્ય કરાવે છે અને યુનિવર્સિટીની સુચનાનું ઘોર ઉલ્લંઘન કરે છે.

(૧૧) આ કોલેજમાં વિદ્યાર્થી ઓ દ્વારા તેમના પ્રવેશ, પરીક્ષા અને અન્ય વહીવટી પ્રશ્નો બાબતે વારંવાર તેઓની રજૂઆતો સાંભળવામાં આવતી નથી અને તે બાબતે યુનિ. દ્વારા તાકીદ કરવામાં આવે છતા તેનુ પાલન થતુ નથી.

ઉપરોકત બાબતો અંગે યુનિવર્સિટી દ્વારા વારંવાર ટ્રસ્ટને જણાવવા છતા તેઓ જાતે હાજર રહેતા નથી યુનિવર્સિટીની તપાસ સમિતિ સમક્ષ હાજર રહી સંતોષકારક ખુલાસા કરતા નથી તથા મનસ્વી રીતે સમગ્ર વહીવટ ચલાવતો હોય વિગેરે તમામ બાબતોને ધ્યાનમાં લઈ, યુર્નિવર્સિટી તરફથી આપવામાં આવતી સુચનાઓ આદેશો તથા યુનિવર્સિટીના એકટ, સ્ટેટયુટ અને ઓર્ડીનન્સનું પાલન કરવામાં ઘણાં લાંબા સમયથી આ ટ્રસ્ટ તરફથી ગંભીર બેદરકારી દાખવેલ હોય આજની આ સભા આ ટ્રસ્ટની તમામ કોલેજોને સર્વાનુમતે ટેકઓવર કરવાનું યુનિવર્સિટી એકટની કલમ ૪ (૪) મુજબ ઠરાવવામાં આવે છે. હવે પછી આ કોલેજનું તમામ વહીવટી કાર્ય યુર્નિવર્સિટી દ્વારા કરવાનું રહેશે.

વધુમાં સદર ઠરાવની નકલ રાજય સરકારશ્રી તથા માઈનોરીટી કમીશન ઓફ ઈન્ડિયાને મોકલી આપવી.

**માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

૧૦૫. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલની મંજૂરી અન્વયે એમ. એસસી. નર્સિંગ અનુસ્નાતક અભ્યાસક્રમ વાપીની એફીલીએશનની અરજી કરી પ્રોવીઝનલ પ્રવેશ આપેલ હોય જે એફીલીએશનની અરજી અને સંસ્થા ઘ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અનુસ્નાતક પ્રવેશના નિયમ મુજબ આપેલ પ્રોવિઝનલ પ્રવેશ માનનીય કુલપતિશ્રીએ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઉગજ ૨૬૧૦ સી. સી. ૮૦૩૧ ખ. ૧ તા.૧/૯/૨૦૧૨ના ઠરાવમાં દર્શાવેલ ગાઈડ લાઈન અવલોકને લઈ સિન્ડિકેટ વતી ખાસ કેશ તરીકે મંજૂર કરેલ જેની નોંધ લેવા બાબત.

(અનુસ્નાતક)

**:: સદર બાબતની નોંધ લીધી.**

૧૦૬. રાજય સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : મસામ/ ૧૦૨૦૧૨/ ૭૬૧/ ચ. તા.૨૮–૦૬–૨૦૧૨ના પરિપત્રથી પેટ્રોલ / ડીઝલના ભાવોમાં થયેલ વધારાને અનુલક્ષીને માઈલેજ ભથ્થાના પ્રવર્તમાન દરોમાં સુધારા તથા ઠરાવ ક્રમાંક : પીજીઆર/ ૧૦૦૯/ ૧૧/ પે સેલ (સીએચ.) તા.૦૩/૧૦/૨૦૧૨ અન્વયે મુસાફરી તથા દૈનિક ભથ્થાના પ્રવર્તમાન દરોમાં સુધારાનો અમલ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ આપેલ મંજૂરીના પગલાંની નોંધ લેવા બાબત.

(હિસાબી)

**:: સદર બાબતની નોંધ લીધી.**

૧૦૭. પરીક્ષા આચાર સમિતિની તા.૩૦–૧૧–૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત....

(પરીક્ષા)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૩૦/૧૧/૨૦૧૨ની સભાની કાર્યવાહી નોંધ તથા ભલામણો પરિશિષ્ટ : " ટ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ટ ")**

૧૦૮. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું એફીલીએશન મેળવનાર કોલેજો પૈકી નીચેની કાયમી/ ચાલુ /નવા સ્વનિર્ભર અભ્યાસક્રમના જોડાણ મેળવનાર કોલેજો ધ્વારા સ્થાનીક તપાસ સમિતિની શરતો પરિપાલન કર્યાના અહેવાલ મળેલ છે જે અહેવાલ અવલોકનમાં લઈ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

| Sr. No. | College Name & Address | Course | Affiliation New/Cont/ Permenant |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |
| 1 | South Gujarat Institute of Medical Sciences,, M.R.K. Lions Orthopedic and M.P. Patel General Hospital, Ashapuri Road, Navsari | Medical Laboratory Technology (PGDMLT) | Conti. |
| 2 | Dolat Usha Institute of Applied Science and Dhiru Sarla Institute of Management & Commerce, Dr. Modhabhai Vidhya Sankul, Shri Morarji Nagar, Tithal Road, Valsad. | Medical Laboratory Technology (PGDMLT) | Conti. |
| 3 | Shri J.S. Bhakta & Shri K.M. Bhakta Arts & Shri A. N. Shah Science & Shri N.F. Shah Commerce College, P.O. Kamrej Char Rasta, Navagam, Kholwad, Surat. | Medical Laboratory Technology (PGDMLT) | Conti. |
| 4 | K.B.S. Commerce & Natraj Professional Science College, Chanod Colony Nakar, Silvassa Road, Vapi | P.G. Diploma Tax Management | Conti. |
| 5 | Sir K.P. College of Commerce, Athwalines, Surat. | 1. P.G.D.Tax. Mgt.<br>2. P.G.D.Int.Audit.<br>3. P.G.D.Co-op Mgt.<br>4. P.G.D. Ins. Bus.<br>5. P.G.D. Comp. base A/c<br>6. P.G.D. Fin. Ser.<br>7. P.G.D. Int. Bus. | Conti. |
| 6 | Sarvajanik College of Engineering & Technology, Dr. R.K.Desai Marg, Opp. Mission Hospital, Athwalines, Surat. | M.Arch. (City Design) | Conti. |

| | | | |
|---|---|---|---|
| **7** | Shri Ramkrishna Institute of Computer Education & Applied Sciences, M.T.B. College Campus, Athwalines, Surat,. | M.Sc. (Microbiology) | Conti. |
| **8** | Shri Ramkrishna Institute of Computer Education & Applied Sciences, M.T.B. College Campus, Athwalines, Surat,. | M.Sc.<br>(Bio Technology)<br>5 Yrs. Integrated Course | Conti. |
| **9** | Shri Ramkrishna Institute of Computer Education & Applied Sciences, M.T.B. College Campus, Athwalines, Surat,. | M.Sc. (Computer Application) | Conti. |
| **10** | Institute of Medical Technology (SPAN), 173-B, New Industrial Estate, Road No. 6-G, Udhna, Surat. | M.Sc. (Medical Technology)<br>(10 Micro &<br>5 BioChem.) | Conti. |
| **11** | Surat Municipal Institute of Medical Education and Research, Opp. Bombay Market, Umarvada, Surat. | Medicine Faculty<br>**Contin. Affiliation**<br>1 M. D. Microbiology<br>2 M. S. (ENT)<br>3 M. D. (Pathology)<br>4 M. D. (Bio Chemis)<br>5 M. D. (T.B. and Chest)<br>**New Affiliation**<br>1 M.D. Pharmacology<br>2. M.D. Physiology<br>**Permenant Affiliation**<br>1 D.G.O. Obs. & | New/<br>Conti./<br>Permenant |
| **12** | Surat Municipal Institute of Medical Education and Research, Opp. Bombay Market, Umarvada, Surat. | Medical Laboratory Technology<br>(5 seat Bio Chem. & 5 seat Micro.) | Conti. |
| **13** | Bhagwan Mahavir College of Education (M.Ed.), Sr. No.: 149, New City Light Road, Nr. Ashirwad Villa, Bh. Heena Bunglows, Bharthana Vesu Road, Surat. | M.Ed. | Conti. |
| **14** | Bhagwan Mahavir College of M.Sc. BioTechnology, Sr. No.: 149, New City Light Road, Nr. Ashirwad Villa, Bh. Heena Bunglows, Bharthana Vesu Road, Surat. | M.Sc.<br>(Bio Technolgoy)<br>5 Yrs. Integrated Course | Conti. |
| **15** | Naranlala College of Professional & Applied Sciences, Bhagwati Sankul, Nr. Eru Char Rasta, Navsari. | M.Sc. (Microbiology) | Conti. |
| **16** | The Sarvajanik College of Physiotherapy, Badtwadi, Rampura, Chhada-Ole, Surat. | M.Physiotherapy<br>(M.P.T.) | Conti. |
| **17** | Sandra Shroff Rofel College of Nursing, Plot. No.: 14/5, P.B.No.: 125, GIDC, Vapi | M.Sc. (Nursing) | NEW |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું એફીલીએશન મેળવનાર કોલેજો પૈકી નીચેની કાયમી / ચાલુ / નવા સ્વનિર્ભર અભ્યાસક્રમના જોડાણ મેળવનાર કોલેજો ધ્વારા સ્થાનીક તપાસ સમિતિની શરતો પરિપાલન કર્યાના અહેવાલ મળેલ છે તે અહેવાલનો સ્વીકાર કરવો.**

**વધુમાં અગાઉ જે તે કોલેજોની વરીફીકેશન કમિટિ નિમાયેલ હોય અને તે વેરીફીકેશન થયું ન હોય તે તમામનું વેરીફીકેશન કરવા માટે નવા નિમાનાર એલ. આઈ. સી.ના સભ્યશ્રી ઓને જણાવવું.**

૧૦૯. (૧) સિન્ડિકેટ, તા.૨૯–૯/૧૩–૧૦–૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ૧૮ અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યુ દિલ્હીના ડો. કે.પી.સિંઘ, જોઈન્ટ સેક્રેટરીના તાઃ ૩૦–૪–૨૦૧૦ના પત્રાંક – એફ – ૧ – ૭/૨૦૦૭ (CPP-I) ૬૯ પ્રાપ્ત થયેલ જોડાણ આપવાની પ્રક્રિયા તથા જોડાણ ચાલુ રાખવા અને જોડાણ પરત ખેંચવા અંગેની માર્ગદર્શિકાનો અમલ કરવો કે કેમ તે અંગે યોગ્ય નિર્ણય લેવા માટે એકેડેમિક કાઉન્સિલની તા : ૬ – ૦૭ – ૨૦૧૦ની સભાએ ઠરાવ ક્રમાંકઃ ૩થી સિન્ડિકેટને કરેલી ભલામણનો સ્વીકાર કરવો અને પ્રસ્તુત યુજીસી માર્ગદર્શિકાનો આગામી શૈક્ષણિક વર્ષ : જૂન–૨૦૧૧–૧૨થી અમલ કરવાનું રાખવું .**

**વધુમાં પ્રસ્તુત માર્ગદર્શિકા તમામ સંસ્થાઓને પરિપત્રિત કરવી અને નવા જોડાણ અંગેની અરજી કરેલ સંસ્થાઓને પત્ર દ્વારા સદર માર્ગદર્શિકા મુજબની નવી ડીપોઝીટ ભરવાની તૈયારી છે કે કેમ ? તે પૂછાવવું. જો કોઈ સંસ્થા ના પાડે તો સંસ્થાએ ભરેલ અરજી ફી પરત કરવાનું રાખવું.**

ઉપરોકત ઠરાવની જાણ યુનિવર્સિટી સબંધિત સંસ્થાઓને કરેલ છે. આ સાથે UGC ની સદર રેગ્યુલેશનસ આ સાથે સામેલ છે. જે અવલોકને લેતાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ ના જોડાણના સંદર્ભમાં આ રેગ્યુલેશનના નીચે મુજબ ના મુદ્દાઓનો અમલ કરવો કે નહિ તેની વિચારણા કરવા બાબત.
(૧)

4.6 The college shall be subjected to an inspection by the University through a committee of experts nominated by the Vice Chancellor consisting of :

4.6.1 One Expert for each of the subject areas proposed.

4.6.2 Dean, college Development council/ equivalent academician of the University.

4.6.3 a representative of the higher education department of the Govt. not below rank of Deputy Director, and

4.6.4 an Engineer from PWD/CPWD or the University not below rank of Executive Engineer.

(૨) 3.2.2

shall satisfy the University that adequate financial provision is available for running the college for at least three years without any aid form any external source. In particular, it shall produce evidence of creating and maintaining a corpurs Fund permanently in the name of the college by way of irrevocable Government Securities of Rs. 15 lakh per programme, if the college proposes to conduct programme only in Arts, Science and Commerce, Rs. 35 lakh per programme or as prescribed by the relevant Statutory / Regulatory body, if it proposes to offer professional programmes, or FDRs for like amounts jointly held by the college and the university for a minimum lock in period of three years. The interest accrued out of it may be utilized by the college with the prior permission of the University for strengthening its infrastructure facilities,

(૩) 3.1.1

undisputed ownership and possession of land measuring not less than 2 acres if it is located in metropolitan cities, and 5 acres if it is located in other areas;

વધુમાં જે તે યુનિવર્સિટી દ્વારા સદર રેગ્યુલેશનની પૂર્તતા નહી થાય તો નીચે મુજબની જોગવાઈ છે.

9.1 If any University grants affiliation to a college which does not fulfill the conditions / requirements for affiliation as per regulations or if the University grants affiliation in contravention of the relevant provisions of UGC Act and regulations, the commission may take such action as it may deem fit, including that of withholding the grants to the University and /or delisting the said University from the list of Universities maintaining by the commission under section 12B the UGC Act.

9.2 If any college included under section 2(f) and received UGC Grants under Section 12B is found guilty of violation of the Regulations, the Commission may take such action as it may them fit, including that of withholding the grants to the college maintained by the commission under Section 2(f) and / or 12B of the UGC Act.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુ. જી. સી.ના રેગ્યુલેશનનો અમલ આગામી વર્ષ : ૨૦૧૩ –૨૦૧૪ માટેના નવા જોડાણો માટે કરવો તથા નવા અભ્યાસક્રમ દીઠ રૂા.૧૦,૦૦,૦૦૦/– (દસ લાખ) ડિપોઝીટ રાખવી.**

૧૧૦. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અધ્યાપકોને E.L/(Earned Leave) આપવી કે કેમ ? તે બાબતના શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના આચાર્યશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે રાજય સરકારને પુછાવવું.**

૧૧૧. **ભારત સેવાશ્રમ સંઘ, મુ.પો. ગંગપુર, તાલુકો : વાસદા, જિ : નવસારી** મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. માટે નવી કોલેજ શરૂ કરવા માટે જોડાણઅરજી ફોર્મ આપવા પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીએ તેમના તા.૨૭–૧૨–૨૦૧૨ના પત્રથી વિનંતી કરતાં **આદેશાનુસાર તેમને જોડાણઅરજી પત્રક આપતાં પ્રસ્તુત ટ્રસ્ટે** તેમના તા.૨૯–૧૨–૨૦૧૨ના પત્ર સાથે બી.એડ્. સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે જોડાણઅરજીની સાત નકલો તથા અરજી પ્રોસેસિંગ અને લેટ ફીનો ચેક રૂા.૧,૮૫૦૦૦/– મોકલ્યો છે. જે અંગે વિચારણા કરવા બાબત.

| **ક્રમ** | **અભ્યાસક્રમ** | **અરજી ફી** | **પ્રોસેસિંગ ફી** | **લેટ ફી** |
|---|---|---|---|---|
| (૧) | બી.એડ્. | ૭૫,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ભારત સેવાશ્રમ સંઘ, મુ.પો. ગંગપુર, તાલુકો : વાસદા, જિ : નવસારી મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. માટે નવી કોલેજ શરૂ કરવા માટેનું જોડાણઅરજી ફોર્મ સ્વીકારી એલ. આઈ. સી. નિમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૧૨. યુ. જી. તથા પી. જી. માં સેમેસ્ટર પ્રથા તથા CBCS પધ્ધતી અમલમાં આવતા GP, SGPAતથા CGPA મુજબ પરિણામો તૈયાર થાય છે. આ સંજોગોમાં CBCS પધ્ધતી મુજબના અભ્યાસક્રમોમાં મેડલ તથા પારિતોષિકો આપવાના ધોરણો નકકી કરવા તથા નવી CGPA વાળી સિસ્ટમ મુજબના સર્ટિફિકેટના ફોર્મેટ મંજુર/ તૈયાર કરવા એક કમીટીની રચના કરવામાં આવી હતી. સદર સમિતિનો અહેવાલમાં મેડલ/ પારિતોષીકો આપવા અંગે કમીટીની ભલામણ અન્વયે પ્રસ્તુત બાબત એકેડેમિક કાઉન્સીલમાં રજુ કરવા જણાવેલ હતુ પરંતુ હાલમાં એકેડેમિક કાઉન્સીલની મીટીંગ મળી શકે તેમ ન હોય તેમજ પદવીદાન સમારંભની તારીખ ૨૬–૦૨–૨૦૧૩ના રોજ યોજાનાર છે આ સંજોગોમાં માનનીય કુલપતિશ્રીએ AC વતી મંજુર કરેલ કમીટીના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા (કોન્વો.))

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે સમિતિના અહેવાલનો સ્વીકાર કરવો અને તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૧૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વહીવટી કર્મચારી મંડળ, સુરતના તા.૨/૧/૨૦૧૩ના પત્ર ક્રમાંક : વ.ક.મં./૧૧/૨૦૧૩માં દર્શાવેલ વિગત મુજબ યુનિવર્સિટીનાં તમામ અધિકારીશ્રીઓ તથા તમામ કાયમી વહીવટી કર્મચારીઓને હાલમાં બેઝિક પગાર (મૂળ પગાર + ગ્રેડ પે)ના ૩ % લેખે મળતાં પરીક્ષા ભથ્થામાં ફેર વિચારણા કરી વધારો કરવા તથા સ્વનિર્ભર ભથ્થું ચુકવવા અંગે વિચારણા કરવા બાબત......

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વહીવટી કર્મચારીઓને હાલ મળતા પરીક્ષા ભથ્થા બેઝિક પગાર (મૂળ પગાર + ગ્રેડ પે) ના ૩ % ને વધારીને ૫ % કરવો અને તેનો અમલ ચાલુ માસથી કરવો તથા સ્વનિર્ભર ભથ્થુ ચુકવવા માટે નીચે મુજબની સમિતિ બનાવવી**

| | |
|---|---|
| **(૧) આ.ડૉ.વિક્રમભાઈ દેસાઈ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૨) આ.ડૉ.વિપીનભાઈ ડી. નાયક** | **(એસ. પી. બી. ઈગ્લિશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.)** |
| **(૩) શ્રી મેહુલ ઠાકર** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૪) મેજર ઉન્મેષ પંડયા** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |

૧૧૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંલગ્ન સાયન્સ કોલેજમાં ફરજ બજાવતા પ્રાધ્યપકોને પી. જી.ના વધારે કામના પ્રેકટીકલ અને લેકચરરના મહેનતાણાં ચૂકવે છે. તેવી જ રીતે લેબ આસિસ્ટન્ટ તેમજ સ્ટોર કીપર અને પ્યુન મિત્રોને પી. જી. નું. મહેનતાણું મળે તેવી વિનંતી સાયન્સ કોલેજના આચાર્યશ્રી મારફત મળેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજની સમિનિ નિમણૂંક કરવી.**

| | |
|---|---|
| **(૧) આ.ડૉ.વિક્રમભાઈ દેસાઈ** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૨) આ.ડૉ.વિપીનભાઈ ડી. નાયક** | **(એસ. પી. બી. ઈગ્લિશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, સુરત.)** |
| **(૩) શ્રી મેહુલ ઠાકર** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |
| **(૪) મેજર ઉન્મેષ પંડયા** | **(સિન્ડિકેટ સભ્યશ્રી)** |

૧૧૫. યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાનાર ગુજરાત રાજય સંગીતનાટક અકાદમી આયોજીત પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ માટે મંડપ, બેઠક વ્યવસ્થા, લાઈટ, સાઉન્ડ, કલરકામ તથા ભોજન સમારંભ વિગેરે જેવી કામગીરી કરાવવા માટે ગત વર્ષે યોજાયેલ સંગીત મહોત્સવ માટે મંગાવેલ ટેન્ડર/ ભાવપત્રકના મંજૂર થયેલ ભાવથી તથા યુવક મહોત્સવના મંજૂર થયેલ ભાવથી આ કામગીરી કરાવવા માટે મંજૂરી આપવા તથા તેને માટે થનાર ખર્ચ (ભોજન સમારંભ સિવાય) નીચે મુજબ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

| | | | |
|---|---|---|---|
| (૧) | મંડપ અને બેઠક વ્યવસ્થા માટે | – | રૂા. ૪,૪૦,૦૦૦/– |
| (૨) | લાઈટ અને સાઉન્ડ માટે | – | રૂા. ૨,૧૦,૦૦૦/– |
| (૩) | એલ.ઈ.ડી.સ્કીન માટે | – | રૂા. ૨,૧૦,૦૦૦/– |
| (૪) | કલરકામ માટે | – | રૂા. ૧,૩૫,૦૦૦/– |

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આ મંજૂર થયેલ ટેન્ડર/ ભાવપત્રકોને મંજૂર કરવા તથા દર વર્ષે પંડિત ઓમકાર નાથ સંગીત મહોત્સવ યુનિવર્સિટી ખાતે યોજવો.**

૧૧૬. રોફેલ શ્રી જી.એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૨૦૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી શરતોના પરિપાલન અંગે સિન્ડિકેટે નિયુકત કરેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર સિન્ડિકટ, તા.૨૯–૯–/૧૩–૧૦–૨૦૧૦ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૪) અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**<u>સિન્ડિકેટ તા. ૨૯–૯–/ ૧૩–૧૦–૨૦૧૦નો ઠરાવ નંબર ૬૪</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રોફેલ શ્રી જી.એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૨૦૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં કોલેજમાં કાર્યરત તમામ કર્મચારીઓના પગારની, યુ.જી.સી.નાં છઠ્ઠા પગાર પંચ મુજબ શૈક્ષણિક કર્મચારીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓને પગારની ચૂકવણી કરી હોય તેના છેલ્લા બે વર્ષના બેંકની પાસબુકની નકલો સહિતના જે તે આધારો, ઓર્ડીનન્સ–૩૭ ડી અંતર્ગત કાર્યકારી આચાર્યની નિમણૂંક અંગેની ખાતરી યુનિવર્સિટીને કરાવ્યા અંગેની માહિતી મંગાવી બાબત સિન્ડિકેટ સમક્ષ પુનઃ રજૂ કરવી.**

પ્રસ્તુત ઠરાવ અનુસાર સંસ્થાને કાર્યાલય તરફથી પ્રત્યુત્તર પાઠવવા માટે લખેલ તા.૨૪–૧૧–૨૦૧૦નાં પત્ર ક્રમાંકઃ એસ.એ.(વાપી)(બીસીએ)(૧૦)/૧૨૦૦૭નાં સંદર્ભમાં સંસ્થાએ તેમનાં તા.૨૮– ૦૯ –૨૦૧૨નાં પત્રથી પાઠવેલ પ્રત્યુત્તર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, રોફેલ શ્રી જી.એમ. બીલખીયા કોલેજ ઓફ એપ્લાઈડ સાયન્સ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૨૦૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સંસ્થાએ રજૂ કરેલ પત્રનો સ્વીકાર કરી યુનિવર્સિટીએ જણાવેલ તમામ શરતોનું પરિપાલન કરવાની શરતોને આધિન જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

૧૧૭. જી.આઈ.ડી.સી. રજજુ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૨૦૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી શરતોના પરિપાલન અંગે સિન્ડિકેટે નિયુકત કરેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર સિન્ડિકેટ, તા.૨૯–૯–/૧૩–૧૦–૨૦૧૦ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૨) અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

**<u>સિન્ડિકેટ તા. ૨૯–૯–/ ૧૩–૧૦–૨૦૧૦નો ઠરાવ નંબર ૬૪</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જી. આઈ. ડી. સી. રજજૂ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, વાપીની શૈક્ષણિક વર્ષ : ૨૦૦૯–૨૦૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં કોલેજમાં કાર્યરત તમામ કર્મચારીઓના પગારની, યુ.જી.સી.નાં છઠ્ઠા પગાર પંચ મુજબ શૈક્ષણિક કર્મચારીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓને પગારની ચૂકવણી કરી હોય તેના છેલ્લા બે વર્ષના બેંકની પાસબુકની નકલો સહિતના જે તે આધારો, ઓર્ડીનન્સ – ૩૭ ડી અંતર્ગત કાર્યકારી આચાર્યની નિમણૂંક અંગેની ખાતરી યુનિવર્સિટીને કરાવ્યા અંગેની માહિતી મંગાવી બાબત સિન્ડિકેટ સમક્ષ પુનઃ રજૂ કરવી.**

પ્રસ્તુત ઠરાવ અનુસાર સંસ્થાને કાર્યાલય તરફથી પ્રત્યુત્તર પાઠવવા માટે લખેલ તા.૨૪–૧૧–૨૦૧૦ નાં પત્ર ક્રમાંકઃ એસ.એ. (વાપી) (બીબીએ) (૧૦)/૧૨૦૦૫નાં સંદર્ભમાં સંસ્થાએ તેમનાં તા.૯–૧૦ –૨૦૧૨નાં પત્રથી પાઠવેલ પ્રત્યુત્તર પર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જી.આઈ.ડી.સી. રજજુ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૨૦૧૦ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સંસ્થાએ રજૂ કરેલ પત્રની નોંધ લેવી અને શરતી જોડાણની ભલામણ રાજય સરકારશ્રીને કરવી.**

૧૧૮. **શ્રી ગુરૂકુલ એજયુકેશન ટ્રસ્ટ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી** મુકામે સુચિત રાધા માધવ બી.સી.એ. કોલજ, **મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી** શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. માટે નવી કોલેજ શરૂ કરવા માટે જોડાણઅરજી ફોર્મ આપવા પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીએ તેમના તા.૧૮–૧૨–૨૦૧૨ના પત્રથી વિનંતી કરતાં **આદેશાનુસાર તેમને જોડાણઅરજી પત્રક આપતાં પ્રસ્તુત ટ્રસ્ટે** તેમના તા.૩–૧–૨૦૧૩ના પત્ર સાથે બી.સી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે જોડાણઅરજીની સાત નકલો તથા અરજી પ્રોસેસિંગ અને લેટ ફીનો ચેક રૂા.૧,૭૦૦૦૦/– મોકલ્યો છે. જે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | અભ્યાસક્રમ | અરજી ફી | પ્રોસેસિંગ ફી | લેટ ફી |
|---|---|---|---|---|
| (૧) | બી.સી.એ.(સ્વનિર્ભર) | ૬૦,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ગુરૂકુલ એજયુકેશન ટ્રસ્ટ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી મુકામે સુચિત રાધા માધવ બી.સી.એ. કોલજ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ. માટે નવી કોલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી નિયત સમય બાદ મળેલ હોય તે નિયમાનુસાર લેઈટ ફી સાથે સ્વીકારવી અને એલ. આઈ. સી. નિમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૧૯. **શ્રી ગુરૂકુલ એજયુકેશન ટ્રસ્ટ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી** મુકામે સુચિત રાધા માધવ બી.એડ્. કોલજ, **મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી** શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. માટે નવી કોલેજ શરૂ કરવા માટે જોડાણઅરજી ફોર્મ આપવા પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીએ તેમના તા.૧૮–૧૨–૨૦૧૨ના પત્રથી વિનંતી કરતાં **આદેશાનુસાર તેમને જોડાણઅરજી પત્રક આપતાં પ્રસ્તુત ટ્રસ્ટે** તેમના તા.૩–૧– ૨૦૧૩ના પત્ર સાથે બી.એડ્. સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે જોડાણઅરજીની સાત નકલો તથા અરજી પ્રોસેસિંગ અને લેટ ફીનો ચેક રૂા.૧,૮૫૦૦૦/– મોકલ્યો છે. જે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | અભ્યાસક્રમ | અરજી ફી | પ્રોસેસિંગ ફી | લેટ ફી |
|---|---|---|---|---|
| (૧) | બી.એડ્.(સ્વનિર્ભર) | ૭૫,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ગુરૂકુલ એજયુકેશન ટ્રસ્ટ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી મુકામે સુચિત રાધા માધવ બી.એડ્. કોલજ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. માટે નવી કોલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી નિયત સમય બાદ મળેલ હોય તે નિયમાનુસાર લેઈટ ફી સાથે સ્વીકારવી અને એલ. આઈ. સી. નિમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૨૦. **શ્રી ગુરૂકુલ એજયુકેશન ટ્રસ્ટ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી** મુકામે સુચિત રાધા માધવ આર્ટસ કોલજ, **મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી** શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એ. માટે નવી કોલેજ શરૂ કરવા માટે જોડાણઅરજી ફોર્મ આપવા પ્રસ્તુત ટ્રસ્ટના સેક્રેટરીએ તેમના તા.૧૮–૧૨–૨૦૧૨ના પત્રથી વિનંતી કરતાં **આદેશાનુસાર તેમને જોડાણઅરજી પત્રક આપતાં પ્રસ્તુત ટ્રસ્ટે** તેમના તા.૩–૧– ૨૦૧૩ના પત્ર સાથે બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમ માટે જોડાણઅરજીની સાત નકલો તથા અરજી પ્રોસેસિંગ અને લેટ ફીનો ચેક રૂા.૧,૪૦,૦૦૦/– મોકલ્યો છે. જે અંગે વિચારણા કરવા બાબત.

| ક્રમ | અભ્યાસક્રમ | અરજી ફી | પ્રોસેસિંગ ફી | લેટ ફી |
|---|---|---|---|---|
| (૧) | બી.એ.(સ્વનિર્ભર) | ૩૦,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી ગુરૂકુલ એજયુકેશન ટ્રસ્ટ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી મુકામે સુચિત રાધા માધવ આર્ટસ કોલજ, મુ.પો. રાણી ફળિયા, ધરમપુર રોડ, તા.વાસંદા, જિ : નવસારી શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ –૧૪ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એ. માટે નવી કોલેજ શરૂ કરવા માટેની જોડાણ અરજી નિયત સમય બાદ મળેલ હોય તે નિયમાનુસાર લેઈટ ફી સાથે સ્વીકારવી અને એલ. આઈ. સી. નિમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૨૧. યુનિવર્સિટી સંલગ્ન જી.આઈ.ડી.સી. રજજૂ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, (બી.બી.એ. પ્રોગ્રામ),રોફેલ કેમ્પસ, વાપી નામધા રોડ, પો.બો.નં. ૫૭, વાપી(પશ્ચિમ) ને બદલે **<u>પ્લોટ નંબર ૧૪/૫, જી. આઈ. ડી. સી., વાપી (પૂર્વ)–૩૯૬ ૧૯૫</u>** મુકામે સ્થળાંતર કરવા માટે પ્રસ્તુત કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રીએ તેમના તા.૨૪–૯–૨૦૧૨ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે એક સમિતિની નિમણૂંક કરવી અને આ સમિતિ નિમવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૧૨૨. સિન્ડિકેટ, તા.૮/૨૩–૬–૨૦૧૧ ના રોજ મળેલ સભાના ઠરાવ અન્વયે, નીચે જણાવેલ સ્વનિર્ભર કોલેજોએ ત્રણ લાખ ડિપોઝીટ પેટે યુનિવર્સિટીમાં જમા કરાવવા તથા વિદ્યાર્થીઓ પાસેથી ૨૦% ફી ઓછી લેવાની શરતની કોલેજોને જણાવતાં કોઈ પણ કોલેજોએ ડિપોઝીટ જમા કરાવી નથી તથા ૨૦% ફી ઓછી લેવાની શરતોનું પાલન કરેલ નથી તથા સદર શરત શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માટેના વર્ષના જોડાણ માટે હતી. ત્યારબાદ,સિન્ડિકેટ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૨૦૧૩ માટે રાજય સરકારને ભલામણ કરવાનું ઠરાવેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ માટે રાજય સરકારને ભલામણ કરવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જે કોલેજોએ ત્રણ લાખ ડિપોઝીટ યુનિવર્સિટીમાં જમા ન કરાવી હોઈ તથા વિદ્યાર્થીઓ પાસેથી ૨૦% ફી ઓછી લેવાની શરતોનું પાલન ન કરેલ હોઈ તેવી તમામ સંસ્થાઓને આ શરતોનું પાલન કરવા તાકીદ કરવી તથા જો આ શરતોનું પાલન નહી થાય તો શૈક્ષણિક વર્ષ : ૨૦૧૩ –૨૦૧૪નું જોડાણની ભલામણ કરવી નહીં.**

૧૨૩. ડિપાર્ટમેન્ટ હયુમન રીસર્ચ ડેવલપમેન્ટના વડાશ્રી કિરણ પંડયાનો પત્ર તથા યુ. જી. સી.ના પત્ર ક્રમાંક : D.O.No. 1-6/2007(CPP-II), 28 December, 2012 પત્ર આ સાથે સામેલ છે જે મુજબ વિદ્યાર્થી તે Ordinance 43 A પ્રમાણે એક સાથે બે ડિગ્રી કરી શકે તેમ જણાવેલ છે. જેથી આપણી યુનિવર્સિટીએ આપણા Ordinance માં સુધારો કરવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે એક સર્વગ્રાહી અભ્યાસ કરવા નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણૂંક કરવી.**

**(૧) ડૉ.કિરણભાઈ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આ.ડૉ.વિક્રમભાઈ દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૧૨૪. પીએચ.ડી. સુપરવાઈઝીંગ ટીચરના મૂલ્યાંકનના મહેનતાણા આપણી યુનિ.માં ચૂકવાતા નથી જેના કારણે પીએચ.ડી સુપરવાલઝીગ ટીચર માટે આવેલ દરખાસ્તોના મૂલ્યાંકન માટે તજજ્ઞો( રેફરીઓ) ત્વરીત તૈયાર થતા નથી જેથી સદર કાર્ય મોડું થાય છે.

ઉપરોકત બાબતે ધ્યાને લઈ હવે પછી મહેનતાણાના બીલ માટે બાહય રેફરીઓને રૂા. ૧૦૦૦/– મુલ્યાંકન પેટે ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, Ph.D.ના સુપરવાઈઝીંગ ટીચરના મુલ્યાંકન માટે બહારના તજજ્ઞોને મહેનતાણાના બીલ માટે રૂા.૭૫૦/– મુલ્યાંકન પેટે ચૂકવવા.**

૧૨૫. Knowledge Consortium of Gujarat, Education Department દ્વારા International Conference for Academic Institution - 2013 તથા Education Pavilionનું તા.૮–૧–૧૩ થી તા.૧૩–૧–૧૩ દરમ્યાન કરવામાં આવેલ આયોજન અંતર્ગત નીચે દર્શાવેલ યુનિવર્સિટી / સંસ્થા સાથે શૈક્ષણિક આદાન–પ્રદાન/ તાલીમ કાર્યક્રમ/ સંશોધન વિગેરે માટે MOU કરવા કાર્યવાહી કરવામાં આવી રહેલ છે જેની નોંધ લેવા બાબત.

૧. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર.

૨. ધી સધર્ન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સુરત.

૩. એન્ટરપ્રિન્યુયરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયુટ ઓફ ઇન્ડિયા, ગાંધીનગર.

૪. એશીયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, થાઈલેન્ડ.

૫. ટેકનીકલ યુનિવર્સિટી ઓફ કાર્ટીગના, સ્પેન.

૬. ગુજરાત યુનિવર્સિટી, ગુજરાતી વિભાગ, અમદાવાદ.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે જરૂરી (M.O.U) કરવા અને તે માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

**માનનીય કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત.**

૧૨૬. પટેલ સોમાભાઈ રામજીભાઈની તા.૦૧/૧૧/૨૦૧૨ની અરજી વંચાણે લેવા વિનંતી છે. (આ સાથે સામેલ છે.)

પટેલ સોમાભાઈ રામજીભાઈએ યુનિવર્સિટીનાં ગુજરાતી ભાષા ભવનના બાંધકામ માટે જાહેર કરેલ રૂા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ લાખ પુરા)ના દાનનાં સંદર્ભમાં એમ જણાવેલ છે કે "સદર ભવનનું બાંધકામ હમો જાતે કરી આપીશું" અને યુનિવર્સિટીનાં નિયમ મુજબની રકમ દાન પેટે રાખી બાકીની રકમ પરત કરવાની માંગણી કરેલ છે.

જેના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયમાનુસારની રકમ A/c Paid Cheque થી પરત કરવાનું મંજુર કરેલ હોય તેની જાણ સિન્ડિકેટની સભાને કરવા તથા માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.....

(હિસાબી)

:: **સદર બાબતની નોંધ લીધી.**

૧૨૭. કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિ., સુરત તરફથી યુનિવર્સિટી કેમ્પસ ખાતે સદ્‌ભાવના હોલ/ ડેવલપમેન્ટ માટે રૂા.૨૫,૦૦,૦૦૦/– (રૂપિયા પચ્ચીસ લાખ પુરા)નું દાન મળેલ છે. જે સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ સ્વીકારેલ છે. જે બાબતની નોંધ લેવા બાબત.

(હિસાબી)

**:: સદર બાબતની નોંધ લીધી.**

**અધ્યક્ષશ્રીની સંમંતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

૧૨૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે ખાલી બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા માટે કરવામાં આવેલ દરખાસ્ત સબબ શિક્ષણ વિભાગ, ગાંધીનગર દ્વારા તા.૪/૧/૨૦૧૩ના રોજ ફેકસ પત્રથી મળેલ ઠરાવ ક્રમાંક : દગય/ ૧૩૧૧/ ૧૫૭૬/ખ, થી નીચે મુજબ વિવિધ કેડરની કુલ–૦૫ બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવા આપવામાં આવેલ મંજૂરી પૈકી મદદનીશ હિસાબનીશની જગ્યા સીધી ભરતીથી ભરવા તથા લાયકાતના ધોરણો નકકી કરવા વિચારણા કરવા બાબત.

(વહીવટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર જગ્યાઓ ભરવા માટે સત્વરે આગળની કાર્યવાહી કરવી અને લાયકાતના ધોરણો નકકી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૨૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વ્યાપાર અને ઉધોગ સંચાલન વિભાગ ધ્વારા ચલાવવામાં આવતાં એમ.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમ હેઠળ પાંચ વર્ષના કરાર આધારિત NET/SLET/Ph.D પસાર કરવાની શરતે તા.૨૨–૮–૨૦૦૬થી જોડાયેલ અને તા. તા.૨૪–૮–૨૦૦૮ થી નિમણૂંકની શરત પૂર્ણ કરતાં સ્વનિર્ભર ધોરણે કાયમી થયેલ Assistant Professor, Dr. Smruti Bulsari ધ્વારા વિવિધ મુદાઓ દર્શાવી તા.૨૭–૧૦–૨૦૧૨ના પત્ર ક્રમાંક TCH/27/1570/2012-13 થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

<u>નોંધ :</u>

(૧) ડો.સ્મુતિ બલસારી એમ.બી.એ. સ્વનિર્ભર અભ્યાસક્રમ હેઠળ પાંચ વર્ષના કરાર આધારિત NET/SLET/Ph.D પસાર કરવાની શરતે Assistant Professor તરીકે તા.૨૨–૮–૦૬થી જોડાયેલ અને તા. તા.૨૪–૮–૦૮ થી નિમણૂંકની શરત પૂર્ણ કરતાં સ્વનિર્ભર ધોરણે કાયમી થયેલ છે.

(૨) ડો.સ્મુતિ બલસારીએ હંગામી ધોરણે તા.૧૧–૨–૨૦૦૩ થી ફીકસ્ડ પગારથી સેવા આપી હતી.

(૩) સિનિયર સ્કેલ મેળવવા કરેલ વિનંતી અંતર્ગત સિન્ડિકેટ તા.૩–૬–૨૦૧૦ની સભાના ઠરાવ ક્રમાંક (૧૪)પાંચ સભ્યોની એક સમિતિ બનાવી અહેવાલ રજૂ કરવ ઠરાવેલ.

(૪) સિન્ડિકેટ તા.૮/૨૩–૬–૨૦૧૧ની સભાના ઠરાવ ક્રમાંક (૨૧) તા.૧૨–૮–૧૦ ની પાંચ સભ્યોની સમિતિનો અહેવાલ સ્વીકારી ઘટતું થવા ઠરાવવામાં આવેલ છે.

(વહીવટી)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગના એમ. બી. એ. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની જગા પર નિમણુંક પામેલ ડૉ.સ્મૃતિ બલસારીને A.I.C.T.E. (એ. આઈ. સી. ટી. ઈ.) નૉમ્સ પ્રમાણે પી.એચડી. ડીગ્રીની જરૂરીયાત ન હોઈ તેઓની નિમણૂંક તા.૧૧/૨/૨૦૦૩થી બે વર્ષ પૂર્ણ થયે કાયમ કરવા અને તેમનો પગાર નોશનલ ગણી કાલ્પનીક ઈજાફાઓ આપવા પરંતુ અગાઉના નાણાંકીય કોઈ લાભો આપવા નહિ. યુનિવર્સિટીએ કેમ્પસ પરના સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં જાહેર ખબર પૂર્ણ સમયના વ્યાખ્યાતા ઓની (આસિસ્ટન્ટ પ્રોફેસર) આપી હોય ત્યાં નિમણુંક પત્રો પણ પૂર્ણ સમયના માટે જ ગણવાના રહેશે અને સમાન નીતિના ભાગ રૂપે યુનિવર્સિટી કેમ્પસ પરના તમામ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં આ પ્રકારે અમલ કરવો.**

૧૩૦. શ્રી પરેશ પટેલે મૌખિક દરખાસ્ત રજૂ કરી હતી કે યુનિવર્સિટી જોબ સેન્ટર શરૂ કરવુ વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે એક અલાયદુ સેન્ટર કે સેલ બનાવવુ જરૂર જણાયતો વિવિધ કંપનીઓ, ચેમ્બર ઓફ કોમર્સ કે સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓ/ ઘટકો સાથે **M.O.U.** કરવાની દરખાસ્ત પર વિચારણા કરવા અર્થે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર દરખાસ્તને મંજૂરી આપવી અને આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૩૧. ગુજરાત સરકારના યુવક અને સાંસ્કૃતિક મંત્રાલય ગાંધીનગર/ ગુજરાતી સાહિત્ય પરિષદ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સંયુકત ઉપક્રમે યોજાયેલ ત્રણ દિવસના જ્ઞાનસત્ર અંગે થયેલ ખર્ચને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ત્રણ દિવસના જ્ઞાનસત્ર અંગે થયેલ ખર્ચની ચૂકવણી મળેલ દાનની રકમ માંથી કરવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**

ક્રમાંક : એસ – ૧ (૧)/ ૫૫૭ /૨૦૧૩.

તા.૧૬–૧–૨૦૧૩.

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ......**

---